RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 243 Dt. 19-03-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# શાંતિ - સુરક્ષામાં સૌથી મોટો અવરોધ પાકઃ MEA

## યુએસ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડે સ્પષ્ટપણે 'ઈસ્લામી આતંકવાદ'નો ઉલ્લેખ કર્યો તે પછી ભારતની કડક પ્રતિક્રિયા આવી



નવીદિલ્હી, તા. ૧૮

ભારતે મંગળવારે અમેરિકન પોડકાસ્ટર લેક્સ ફ્રીડમેન સાથેની તેમની શાંતિ પહેલ અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટિપ્પણીની પાકિસ્તાનની ટીકાને સખત રીતે નકારી કાઢી હતી. ભારતની પ્રતિક્રિયા પાકિસ્તાન સરકારના નિવેદનના એક દિવસ બાદ આવી છે, જેમાં શાંતિ પ્રયાસો પર વડાપ્રધાનની ટિપ્પણીઓને 'ભ્રામક અને એકતરફી' ગણાવવામાં આવી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, પાકિસ્તાન પ્રાદેશિક શાંતિ અને સુરક્ષામાં સૌથી મોટો અવરોધ છે. તેણે ઈસ્લામાબાદ પર જુઠ્ઠાણું ફેલાવવાનો પણ આરોપ લગાવ્યો.

મંત્રાલયના નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાને તેનો ગેરકાયદેસર અને બળજબરીથી કબજો કરેલો ભારતીય વિસ્તાર ખાલી કરવો જોઈએ.

જમ્મુ અને કાશ્મીર અંગેની ટીકાઓનો સીધો ઉલ્લેખ કર્યા વિના જયસ્વાલે કહ્યું, "અમે જોયું છે કે પાકિસ્તાને ફરી એકવાર ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને લઈને કેટલીક ટિપ્પણીઓ કરી છે. દુનિયા જાણે છે કે વાસ્તવિક મુદ્દો પાકિસ્તાન દ્વારા સીમાપાર આતંકવાદને પ્રોત્સાહન અને સમર્થન છે. વાસ્તવમાં, પ્રાદેશિક શાંતિ અને સુરક્ષામાં આ સૌથી મોટો અવરોધ છે.

" પાકિસ્તાન સમર્થિત હુમલાઓ વિશે પૂછવામાં આવતા યુએસ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડે સ્પષ્ટપણે 'ઈસ્લામી આતંકવાદ'નો ઉલ્લેખ કર્યો તે પછી ભારતની કડક પ્રતિક્રિયા આવી. તેમણે કહ્યું કે 'ઈસ્લામી આતંકવાદ' એક એવો ખતરો છે જેણે ભારત અને અમેરિકા તેમજ મધ્ય પૂર્વના ઘણા દેશોને અસર કરી છે.

ગબાર્ડ સાથેની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ભારત અને અમેરિકા આતંકવાદનો સામનો

### તુલસી ગબાર્ડે આતંકવાદનો ઉલ્લેખ કર્યો હતો!

પાકિસ્તાન સમર્થિત હુમલાઓ વિશે પૂછવામાં આવતા યુએસ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડે સ્પષ્ટપણે 'ઈસ્લામી આતંકવાદ'નો ઉલ્લેખ કર્યો તે પછી ભારતની કડક પ્રતિક્રિયા આવી. તેમણે કહ્યું કે 'ઈસ્લામી આતંકવાદ' એક એવો ખતરો છે જેણે ભારત અને અમેરિકા તેમજ મધ્ય પૂર્વના ઘણા દેશોને અસર કરી છે. ગબાર્ડ સાથેની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ભારત અને અમેરિકા આતંકવાદનો સામનો કરવા અને દરિયાઈ અને સાયબર સુરક્ષામાં સહયોગ વધારવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ગબાર્ડ સાથે આતંકવાદ સામેની લડાઈમાં સહયોગની ઘણી શક્યતાઓ પર ચર્ચા કરી હતી.

કરવા અને દરિયાઈ અને સાયબર સુરક્ષામાં સહયોગ વધારવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ગબાર્ડ સાથે આતંકવાદ સામેની લડાઈમાં સહયોગની ઘણી શક્યતાઓ પર ચર્ચા કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સત્તાવાર નિવેદનમાં કહ્યું કે, પાકિસ્તાન પ્રાદેશિક શાંતિ અને સુરક્ષામાં સૌથી મોટો અવરોધ છે.

તેણે ઈસ્લામાબાદ પર જુઠ્ઠાણું ફેલાવવાનો પણ આરોપ લગાવ્યો. મંત્રાલયના નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાને તેના ગેરકાયદેસર અને બળજબરીપૂર્વકના કબજા હેઠળનો ભારતીય વિસ્તાર ખાલી કરવો જોઈએ, જમ્મુ અને કાશ્મીર અંગે કરવામાં આવેલી ટીકાઓનો સીધો ઉલ્લેખ કર્યા વિના, જયસ્વાલે કહ્યું, "અમે જોયું છે કે પાકિસ્તાને ફરી એકવાર ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને લઈને કેટલીક ટિપ્પણીઓ કરી છે.

વિશ્વ જાણે છે કે વાસ્તવિક મુદ્દો એ છે કે આ ક્ષેત્રમાં શાંતિ અને આતંકવાદને પ્રોત્સાહન આપવાનો સૌથી મોટો મુદ્દો પાકિસ્તાનનો છે.

# સુપ્રીમના છ ન્યાયાધીશો ૨૨ માર્ચે મણિપુરમાં રાહત શિબિરોની મુલાકાતે

## વિનાશક સાંપ્રદાયિક હિંસાના લગભગ બે વર્ષ પછી, જેણે સેંકડો લોકોના જીવ ગુમાવ્યા અને ૫૦,૦૦૦થી વધુ લોકોનું વિસ્થાપન થયું




નવીદિલ્હી, તા. ૧૮

નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના છ ન્યાયાધીશો ૨૨ માર્ચે મણિપુરમાં રાહત શિબિરોની મુલાકાત લેશે જ્યાં આંતરિક રીતે વિસ્થાપિત લોકો રહે છે. કટોકટીગ્રસ્ત રાજ્યમાં "કાનૂની અને માનવતાવાદી સહાયને મજબૂત કરવા". મણિપુર જઈ રહેલા છ ન્યાયાધીશોમાં જસ્ટિસ બીઆર ગવઈ છે, જેઓ NALSA ના કાર્યવાહક અધ્યક્ષ પણ છે; જસ્ટિસ સૂર્યકાન્ત, જસ્ટિસ વિક્રમ નાથ, જસ્ટિસ એમએમ સુંદરેશ, જસ્ટિસ કેવી વિશ્વનાથન અને જસ્ટિસ એન કોટીશ્વર સિંહ, NALSAએ સોમવારે નિવેદનમાં જણાવ્યું હતું. ૩ મે, ૨૦૨૩ ની વિનાશક સાંપ્રદાયિક હિંસાના લગભગ બે વર્ષ પછી, જેણે સેંકડો લોકોના જીવ ગુમાવ્યા અને ૫૦,૦૦૦ થી વધુ લોકોનું વિસ્થાપન થયું, ઘણા લોકો સમગ્ર મણિપુરમાં રાહત શિબિરોમાં આશ્રય લેવાનું ચાલુ રાખે છે, NALSAએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની મુલાકાત કાનૂની અને માનવ સમુદાયને અસરગ્રસ્ત સમુદાયની સતત જરૂરિયાતને પ્રકાશિત કરે છે. NALSAએ કહ્યું કે ચેન્નાઈના ૨૫ નિષ્ણાત ડોક્ટરોની ટીમ તમામ રાહત કેન્દ્રો પર મેડિકલ કેમ્પ લગાવશે.વિસ્થાપિત પરિવારો માટે સતત તબીબી સહાય, સારવાર અને આવશ્યક દવાઓની પહોંચ સુનિશ્ચિત કરવા તેઓ વધુ છ દિવસ રહેશે. NALSA એ મણિપુર હિંસા દરમિયાન અસરગ્રસ્ત સમુદાયોને કાનૂની સહાય અને સહાય પૂરી પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણે રાહત શિબિરોમાં ૨૭૩ વિશેષ કાનૂની સહાય ક્લિનિક્સની સ્થાપના કરી, વિસ્થાપિત લોકોને સરકારી લાભો, ખોવાયેલા દસ્તાવેજો અને તબીબી સહાય મેળવવામાં મદદ કરી. સમાજના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓ પૂરી પાડતી કેન્દ્રીય સત્તાધિકારીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના છ ન્યાયાધીશોની આગામી મુલાકાત ન્યાય માટે ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને નબળા સમુદાયો માટે ગઅક્જ્અની મજબૂત પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. કાનૂની અધિકારો અને પહોંચ વચ્ચેના અંતરને દૂર કરીને, NALSઅ એ સુનિશ્ચિત કરવાનો ધ્યેય રાખે છે કે દરેક વિસ્થાપિત વ્યક્તિને તેમનું જીવન સન્માન સાથે પુનઃનિર્માણ કરવા માટે જરૂરી સમર્થન, રક્ષણ અને સંસાધનો મળે.

# બિહારમાં ગંગાનું પાણી કોલિફોર્મ સ્તરને અનુરૂપ નથી

## ફેકલ કોલિફોર્મનું ઉચ્ચ સ્તર ઉચ્ચ બેક્ટેરિયલ લોડ અને પ્રદૂષણ સૂચવે છે જે પાણીને પીવા અને નહાવા માટે અયોગ્ય બનાવે છે

નવીદિલ્હી, તા. ૧૮

બિહારમાં, ગંગાનું પાણી ૨૦૨૦-૨૧ થી ૩૪ સેમ્પલિંગ સાઇટ્સ પર ફેકલ કોલિફોર્મ સ્તરને અનુરૂપ નથી, બિહાર રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડએ રાજ્યમાં નદીના પાણીની ગુણવત્તા પર ચાલી રહેલા કેસમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની મુખ્ય બેંચને રજૂઆત કરી છે. પ્રદૂષણ નિરીક્ષક સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ધોરણો અનુસાર, ફેકલ કોલિફોર્મનું ઉચ્ચ સ્તર ઉચ્ચ બેક્ટેરિયલ લોડ અને પ્રદૂષણ સૂચવે છે જે પાણીને પીવા અને નહાવા માટે અયોગ્ય બનાવે છે. BSPCઈની અરજીઓ એક મહિના પછી આવી છે જ્યારે CPCB એ મહા કુંભ દરમિયાન NGTને જણાવ્યું હતું કે પ્રયાગરાજમાં સંગમ ખાતે ગંગા નદીના પાણીમાં ફેકલ કોલિફોર્મનું સ્તર અનુમતિપાત્ર મર્યાદા કરતા ઘણું વધારે હતું, જે તેને સ્નાન માટે અયોગ્ય બનાવે છે.

BSPCB એ ૧૭ માર્ચના રોજના તેના સોગંદનામામાં જણાવ્યું હતું કે પટનામાં ગાયઘાટ જેવી સાઇટ પર કોલિફોર્મનું સ્તર ૧૦૦ મિલી નમૂના દીઠ ૧,૬૦,૦૦૦ સુક્ષ્મજીવોની મહત્તમ સંભવિત સંખ્યા છે. આ નહાવાના હેતુઓ માટે નિર્ધારિત ૫૦૦ MPN/100 ml ની નીચી મર્યાદા કરતાં લગભગ ૩૦૦ ગણું વધારે હતું; ઉપલી મર્યાદા ૨,૫૦૦ MPN/100 ml છે. પીવાના હેતુઓ માટે, પરંપરાગત સારવાર અને જીવાણુ નાશકક્રિયા પછીનું માનક સેટ ૫,૦૦૦ અથવા તેનાથી ઓછું MPN/100 ml છે. BSPCBએ વધુમાં જણાવ્યું હતું કે નદીમાં ıઈ અથવા ક્ષારતા અને ઓક્સિજન સ્તર કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા નિર્ધારિત ધોરણોને અનુરૂપ હોવા છતાં, કુલ કોલિફોર્મ અને ફેકલ કોલિફોર્મ ધોરણો કરતાં વધુ હોવાનું જણાયું હતું.

કુલ કોલિફોર્મ અને ફેકલ કોલિફોર્મ નિર્ધારિત ધોરણોની બહાર છે કારણ કે સંબંધિત શહેરી વિસ્તારોમાં ઉત્પન્ન થતું ઘરેલું ગંદુ પાણી કોઈપણ પૂર્વ-સારવાર વિના ગંગા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં, બિહારના વિવિધ શહેરોમાં ગંદાપાણીના શુદ્ધિકરણ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, એમ બીએસપીસીબીએ એફિડેવિટમાં જણાવ્યું હતું.

BSPCBની એફિડેવિટ NGTના અધ્યક્ષ ન્યાયમૂર્તિ પ્રકાશ શ્રીવાસ્તવની આગેવાની હેઠળની મુખ્ય બેંચના નિર્દેશો પર દાખલ કરવામાં આવી હતી, જે બિહારમાં ગંગાનું પાણી સ્નાન માટે અયોગ્ય હોવાના સમાચારોના આધારે સુઓમોટો કેસની સુનાવણી કરી રહી છે. જોકે આ મામલો સોમવારે સુનાવણી માટે આવ્યો હતો, પરંતુ કોઈ નિર્દેશો પસાર કરવામાં આવ્યા ન હતા.

# મહેસૂલી સેવાઓ વધુ પારદર્શી બને તે માટે ટેકનોલોજીનો થશે ઉપયોગ

## રાજ્યમાં ૩૬ પ્રકારની મહેસૂલી સેવાઓ થકી જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં ૨.૯૧ કરોડથી વધુ દસ્તાવેજો ઓનલાઈન કરાયા : ૨૨૦૨ ગામડાના ૩.૬૦ લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડ મિલકતધારકોને વિનામૂલ્યે અપાયા



અમદાવાદ, તા. ૧૮

રાજ્યમાં મહેસૂલી સેવાઓ વધુ પારદર્શી,ઝડપી અને અસરકાર બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ માટે જરૂરી તમામ નીતિગત તકનીકી અને યોજનાકીય સુધારાઓ પણ કરવામાં આવી રહ્યા છે તેમ મહેસૂલ વિભાગ વતી ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે વિધાનસભા ગૃહમાં રાજ્યમાં મહેસૂલી સુધારાઓ અંગે વિગતવાર માહિતી આપી રાજ્યના મહેસૂલ વિભાગની કુલ રૂ. ૩,૨૫૯ કરોડથી વધુની અંદાજપત્રિય માંગણીઓ રજૂ કરી હતી. જે ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

રાજ્યના મહેસૂલ વિભાગની માગણીઓ રજૂ કરતાં મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે રાજયની મહેસૂલી સેવાઓ પારદર્શી, ઝડપી અને અસરકારક બને તે માટે સમયાંતરે જરૂરી નીતિગત, તકનીકી અને યોજનાકીય સુધારાઓ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના 'ડિજિટલ ઇન્ડિયા'ના વિઝનને અનુરૂપ મહેસૂલી સેવાઓને ઓનલાઇન અને અદ્યતન કરવામાં આવી છે જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ટેકનોલોજીના માધ્યમથી સુપેરે આગળ વધારી રહ્યા છે.

આ માટે આઇ-ઓરા પોર્ટલ દ્વારા ખેડૂત ખરાઇ, વારસાઇ નોંધ, હયાતી હકક તેમજ નમૂના-૬, નમૂના ૭/૧૨ અને નમૂના ૮/અ ની નકલો, ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ અને સંલગ્ન દસ્તાવેજોની નકલ ઘરે બેઠા ઓનલાઇન મેળવી શકાય છે.

આ પ્રકારે અંદાજે ૩૬ પ્રકારની સેવાઓ ઓનલાઇન કરવામાં આવી છે અને જાન્યુઆરી ૨૦૨૫ સુધી ૨.૯૧ કરોડથી વધુ નકલો ઓનલાઇન જારી કરવામાં આવી છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. વધુમાં, આ પોર્ટલ સાથે ઇ-ધરા અને સિટી સરવે ઇન્ફર્મેશન સિસ્ટમના જોડાણથી બિનખેતી બાદ તુરત જ ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ ઉપલબ્ધ થઇ જાય છે.

જમીનના દસ્તાવેજોની સંવેદનશીલતા અને અગત્યતા ધ્યાને રાખીને જૂના રેકર્ડને સ્કેનિંગ કરવાનું આયોજન છે.

રાજયમાં મહેસૂલી સુધારાની વાત કરતાં મંત્રીએ કહ્યું કે ખેડૂત ખરાઇના પ્રમાણપત્ર માટેની પ્રક્રિયાઓને સરળ બનાવાતાં ૫૫ ટકા જેટલી અરજી ઘટી છે.

જ્યારે શુદ્ધ બુદ્ધિપૂર્વકના વેચાણના કિસ્સામાં પ્રીમીયમ વસૂલીને શરતફેરની મંજૂરીની પ્રક્રિયા માટે રૂ. ૫ કરોડ સુધીની સત્તા કલેકટરને આપવામાં આવી છે. તેનાથી બિન ખેતીની પ્રક્રિયા અને પરવાનગીઓ ઝડપી બનશે તેમ તેમણે ઉમેર્યું હતું.

જમીન સંપાદન થયા બાદ ચોકકસ સમયમાં જમીન ખરીદ કરી શક્યા ન હોય કે અરજી કરી શક્યા ન હોય તેવા ખેડૂતો તા. ૨૯ નવેમ્બર, ૨૦૨૪ના ઠરાવ મુજબ ખેડૂત પ્રમાણપત્ર મેળવી શકે છે.

જે તે સમયે પ્રિમીયમ વસૂલ્યા વગર આપેલી બિનખેતી પરવાનગીઓને હવે ૧૦ ટકા પ્રિમીયમ સાથે બિન ખેતીની પરવાનગી કરી આપવામાં આવશે.

વધુમાં, તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં સી.સી.ટી.વી. અને ઓનલાઇન કનેક્ટિવિટીથી અનધિકૃત અવરજવર ઉપર અંકુશ મૂકી શકાશે અને સિનિયર સરવેયરની ભરતી કરીને દફતરી ખાતાની કામગીરીને વેગ મળશે.

આ જ પ્રકારે, દસ્તાવેજ નોંધણી પ્રક્રિયાને વધુ સરળ, સચોટ અને પારદર્શક કરવા નોંધણી અને સ્ટેમ્પ પ્રભાગ સતત કાર્યરત છે. મિલકત ધારણ કરનાર અને વેચાણ રાખનાર બન્નેના હિતોના રક્ષણ માટે ઇ-કે.વાય.સી. નિયમો અમલી બનાવાયા છે.

જે મુજબ, ગરવી વેબ એપ્લીકેશન મારફતે વેચાણ આપનારની ઓળખ કન્સેન્ટ બેઇઝ આધાર ખરાઇથી કરવામાં આવે છે.

જેનાથી ફ્રોડ થવાની શકયતાઓ શૂન્ય થશે અને સિવિલ લિટિગેશન થવાની શકયતા પણ ઘટી છે. રાજયમાં નોંધણી પર ઓછામાં ઓછી સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવામાં આવતી હોવા છતાં છેલ્લા દાયકામાં સ્ટેમ્પ ડ્યૂટીની આવકમાં ગુજરાતમાં ચારગણો વધારો થયો છે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

જે મુજબ ૨૦૨૪માં નોંધણી ફીની આવક રૂ. ૨૦૬૬.૮૩ કરોડ થઇ છે અને સ્ટેમ્પ ડ્યૂટીની આવક રૂ. ૧૧૭૬૫.૨૩ કરોડ થઇ છે.

પારકા તો ઠીક પોતાના જ જ્યારે જીવલેણ બની ગયાઃ ખૂનની વધુ બે ચોંકાવનારી ઘટના

# પૌત્રો બન્યા પ્રાણઘાતકઃ એકે દાદીનું, બીજાએ દાદાનું ઢીમ ઢાળ્યું!

## ધંધો શરૂ કરવા દાદીએ રૂપિયા ન દેતાં પુત્રએ દોરીથી ગળાટૂંપો દઇ પતાવી દીધાઃ બીજી ઘટનામાં દાદાએ ધાર્મિકવિધીઓ ન શીખવતાં પૌત્રએ લાકડીના ફટકા મારી હત્યા કરી



રાજકોટઃ રાજ્યભરમાં હત્યાની ઘટનાઓનો શરૂ થયેલો સિલસિલો અટકતો જ નથી. વધુ હત્યાની બે ઘટના સામે આવી છે. આ ઘટનાઓમાં સામ્યતા એ છે કે બંને ઘટનામાં દાદી અને દાદાને તેના પૌત્રએ મોતને ઘાટ ઉતારી દીધા હતાં! એક કિસ્સામાં દાદીએ રૂપિયા આપવાની ના પાડતાં પૌત્ર રોષે ભરાયો હતો અને ગળાટૂંપો દઇ દાદીના રામ રમાડી દીધા હતાં. એટલુ જ નહિ પોતે દાદીની હત્યા કરી છે તેવી જાણ પણ પોલીસ કન્ટ્રોલ રૂમને તેણે જ કરી હતી. બીજી ઘટનામાં દાદાએ ધાર્મિક વિધી શીખવવાની ના પાડતાં પૌત્રએ તેમને લાકડીઓના ઘા ફટકારી મોતને ઘાટ ઉતારી દીધા હતાં. આ બંને ઘટનાએ ફરી એક વખત સાબિત કર્યુ છે કે હાલના સમયમાં માણસમાંથી સહન કરવાની શક્તિ ઓછી થઇ રહી છે. આવી ચોંકાવનારી ઘટનાઓ રોજબરોજ બનતી જ રહે છે.

પ્રથમ બનાવ પર નજર કરીએ તો રાજ્યના પાટનગર એવા ગાંધીનગરના સેક્ટર ૨૫માં આવેલા સ્વામી વિવેકાનંદ નગરમાં આજે બપોરના સમયે દાદી પાસે રૂપિયાની માંગણી કરતા નહીં આપતા ઉશ્કેરાઈ ગયેલા પૌત્રે દોરી વડે ગળે ટૂંપો આપીને દાદીની હત્યા કરી દીધી હતી અને ત્યારબાદ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જેના પગલે સેક્ટર ૨૧ પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને આરોપી યુવાનની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે ઘટનાની વિગતો આપતાં જણાવ્યું હતું કે એ સેક્ટર ૨૫માં આવેલી વિવેકાનંદ નગરમાં મૂળ કોલવડાનો દંતાણી પરિવાર છેલ્લા ઘણા વર્ષોથી વસવાટ કરે છે. જેમાં માતા પુત્ર અને દાદીનો સમાવેશ થાય છે. પચ્ચીસ વર્ષીય યુવાન મહેન્દ્ર અશોકભાઈ દંતાણી તેની માતા તેમજ દાદી સુબાબેન ભીખાભાઈ દંતાણી સાથે અહીં રહેતો હતો. તેની માતા છૂટક મજૂરી કરે છે.

જ્યારે મહેન્દ્ર છેલ્લા ઘણા સમયથી કોઈ કામ ધંધો કરતો નથી અને નવો ધંધો શરૂ કરવા માટે દાદી પાસે અવારનવાર રૂપિયાની માંગણી કરતો હતો. ફરી એક વખત પણ તેણે દાદી પાસે રૂપિયાની માંગણી કરી હતી આ દરમિયાન તેની માતા કામ અર્થે બહાર ગઈ હતી અને પૌત્ર તેમજ દાદી વચ્ચે રૂપિયાને લઈ ઉગ્ર બોલાચાલી થઈ હતી. જેના પગલે ઉશ્કેરાઈ ગયેલા મહેન્દ્રએ ઘરમાં પડેલી દોરી વડે દાદી સુબાબેનના ગળે ટૂંપો આપી દીધો હતો અને રસોડામાં જ તેઓ ઢળી પડયા હતા. દાદીની હત્યા કર્યા બાદ મહેન્દ્રએ જાતે જ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જેના પગલે સેક્ટર ૨૧ પોલીસની ટીમ ઘટના પહોંચી હતી. ત્યારબાદ વૃદ્ધાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો હતો અને આ મામલે ગુનો દાખલ કરીને આરોપી મહેન્દ્ર દંતાણીની ધરપકડ કરી લીધી હતી.

હત્યાની બીજી ઘટના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના નાની કોરવાડ ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઓગણએંસી વર્ષીય વૃદ્ધ કાશીરામ શિંગાડાની તેમના જ પૌત્ર કમલેશે હત્યા કરી નાખી છે. દાદા પાસે સામાજિક પૂજા વિધિ શીખવાની જિદ કરનાર પૌત્રને દાદાએ ના પાડી હતી. આ કારણે મનદુઃખ થયેલા પૌત્રે લગ્ન સમારંભ દરમિયાન ઘટનાને અંજામ આપ્યો. રાત્રે જ્યારે પરિવારજનો લગ્ન સમારંભમાં ગયા હતા, ત્યારે ઘરના ઓટલા પર એકલા સૂતેલા કાશીરામ પર કમલેશે લાકડી વડે હુમલો કર્યો હતો. બીજા દિવસે સવારે પરિવારજનોએ કાશીરામને લોહીલુહાણ હાલતમાં જોયા. તેમને તાત્કાલિક ધરમપુર સ્ટેટ હોસ્પિટલ અને ત્યાંથી વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પરંતુ ગંભીર ઈજાઓને કારણે તે જ સાંજે તેમનું મૃત્યુ થયું હતું.

આ બનાવમાં આરંભે કમલેશે જમીન વિવાદને કારણે પિતરાઈ ભાઈના દીકરા દેવરામ પર શંકા વ્યક્ત કરી હતી. પરંતુ પોલીસની કુશળ તપાસમાં સત્ય બહાર આવ્યું. કમલેશે પોતાના ગુનાની કબૂલાત કરી લીધી.

ધરમપુર પોલીસે કમલેશની ધરપકડ કરી છે અને હત્યાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. તપાસમાં ખુલાસો થયો કે કમલેશ તેના દાદા કાશીરામભાઈ પાસેથી ગામમાં પ્રચલિત ધાર્મિક વિધિઓ શીખવવા ઈચ્છતો હતો. દાદા આ વિધિઓ તેમને શીખવવા માટે તૈયાર ન હતા. આ વાતથી કમલેશ ખૂબ રિસાઈ ગયો હતો. તેઓએ પૂજા વિધિ શીખવવા માટે દાદા પર દબાણ કર્યું હતું, પરંતુ દાદાએ ઈનકાર કરતા કમલેશે રોષમાં આવી લાકડી વડે પ્રાણઘાતક હુમલો કરી તેમના જ જીવ લઇ લીધો. આમ બે ઘટનામાં પૌત્ર યમદૂત બનીને ત્રાટક્યા હતાં અને પોતાના જ દાદી, દાદાનો જીવ લઇ લીધો હતો.

# આઠ મિલકતોને સીલ કરી ૫૭ લાખની રિકવરી કરતું વેરા વસુલાત વિભાગ

## વેરાનો કુલ આંકડો ૩૯૨ કરોડને પાર : પ્રજાના દિવસોમાં પણ રિકવરી ઝુંબેશ ધરાશે હાથ

રાજકોટ, તા. ૧૮

વેરા વસુલાત વિભાગ જે ગતિએ કામ કરી રહ્યું છે તેને જોતા એ વાત સ્પષ્ટ છે કે આગામી દિવસોમાં એટલે કે ૩૧ માર્ચ પહેલા જે રિકવરી થઈ શકે તેને પરિપૂર્ણ કરવા માટે હાલ તમામ પ્રકારના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને હાલ દરેક વિભાગના કર્મચારીઓ આ રિકવરી ઝુંબેશમાં જોડાયા છે.

ત્યારે બાકી રહેતા દિવસોમાં લક્ષ્યાંક સુધી પહોંચવા હાલ એડી ચોટીનું જોર વિભાગ દ્વારા લગાવવામાં આવી રહ્યું છે તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત ૮-મિલક્તોને સીલ કરવામાં આવી જ્યારે તથા ૧૨-મિલકતોને સીલની કાર્યવાહી કરતા રિકવરી થયેલ તથા ૨-યુનિટની નોટિસ સામે રીકવરી થયેલ . ગઈકાલે રિકવરી ૫૭ લાખની થઈ હતી. મહત્વની વાત એ છે કે વોર્ડ નંબર સાતમાં આવેલા વિજય પ્લોટ માં એક મિલકત સીલ કરવામાં આવી જ્યારે કડિયા નવી લાઈનમાં અને બંગડી બજારમાં કુલ ત્રણ મિલકત સીલ કરવામાં આવી હતી તો બીજી તરફ વિજય પ્લોટ મ આવેલા એક યુનિટમાં બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા ચેક આપવામાં આવ્યો હતો.

બીજી તરફ વોર્ડ નંબર ૧૩ માં આવેલા ઉમા કાન્ત ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં કુલ ૫૪ હજારની રિકવરી થઈ જ્યારે જયંત કેજી સોસાયટીમાં ૭૫,૦૦૦ ની રિકવરી મારુતિ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૪૩,૦૦૦ ની રિકવરી પપૈયા વાડીમાં આશરે એક મિલકતને સીલ કરવામાં આવ્યું હતું. એવી જ રીતે વોર્ડ ૧૪માં ગુંદા વાળ મેઈન રોડ પર એક મિલકત સામે ૫૪ હજાર રૂપિયાની રિકવરી કરવામાં આવી હતી જ્યારે બાપુનગરમાં કુલ ૫૩,૦૦૦ થી વધુની રિકવરી કરાય. વોર્ડ નંબર ૧૮ ની જો વાત કરવામાં આવે તો કોઠારીયા રોડ પર આવેલા એક યુનિટમાં કુલ ૭૩,૩૦૦ ની રિકવરી ઢેબર રોડ ઉપર આવેલા એક યુનિટમાં ૫૪૦૦૦ ની રિકવરી, એવી જ રીતે કોઠારીયા રોડ પર આવેલા જય નગરમાં બે યુનિટ પાસેથી ૧.૪૩ લાખની રિકવરી કરવામાં આવી હતી જ્યારે કોઠારીયા રોડ પર આવેલા રામનગરમાં બે યુનિટને સીલ કરવામાં આવ્યા હતા. એવી જ રીતે કોઠારીયા મેન રોડ પર આવેલા એક યુનિટના બાકી માંગણા સામે ૫૨ હજાર રૂપિયાની રિકવરી કરવામાં આવી હતી.

એમ કુલ રિકવરી નો આંકડો ૩૯૨ કરોડને પાર પહોંચ્યો છે સાથોસાથ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી તમામ રજાના દિવસો સહિત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા-વસૂલાત શાખાની સઘન કામગીરી ચાલુ રાખવામા આવશે.

# પટેલ ડાઈનિંગ હોલ પર આરોગ્યના દરોડા : ૧૩ કિલો જથ્થાનો નાશ

## ૨૦ ધંધાર્થીઓ પર તપાસ : ૫ને લાયસન્સ મેળવા નોટિસ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકાના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચંદ્રેશનગર મેઇન રોડ, માયાણી ચોક પાસે, બેકબોન શોપિંગ સેન્ટર પાસે, રાજકોટ મુકામે આવેલ ''પટેલ ડાઈનિંગ હોલ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી શાકભાજી અંદાજીત ૦૩ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ. સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચંદ્રેશનગર મેઇન રોડ, માયાણી ચોક પાસે, બેકબોન શોપિંગ સેન્ટર પાસે, રાજકોટ મુકામે આવેલ '' પટેલ ફાસ્ટફૂડ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી ચટણી તથા એક્સપાયરી સોસ, મયોનીઝ, ફેટ્સ સ્પ્રેડ, બ્રેડ, પાઉં વગેરે મળીને અંદાજીત ૦૮ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.



ફૂડ વિભાગની ટીમ તથા ૠજ્ઠ વાન સાથે શહેરના નાણાવટી ચોક થી રામેશ્વર હોલ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૫ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. બીજી તરફ પાંચ પેઢીઓને લાયસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી જેમાં બાલાજી પાન એન્ડ કોલ્ડ્રીંક્સ, દેવાહી જનરલ સ્ટોર, રાધે ડ્રાયફ્રુટ, હેલ્ધી મેડિસિન, બાપા સીતારામ કોલ્ડ્રિંક્સ એવી રીતે મોમાઈ સુપર માર્કેટ , જય ચામુંડા ફરસાણ, ચાકૂ'સ કિચન, શ્રી યમુનાજી સુપર માર્કેટ, મહેશ પ્રોવિઝન સ્ટોર, જય જલારામ ફરસાણ, કિટૂ'સ કેક શોપ, યમુનાજી જનરલ સ્ટોર, એમ. એમ. નમકીન, તીરૂપતિ ડેરી ફાર્મ, ગાયત્રી ડેરી ફાર્મ, ડોલી અમૂલ પાર્લર, ખોડિયાર જનરલ સ્ટોર, શાયોના જનરલ સ્ટોર ,એ. બી. બેકરીની ચકાસણી કરવામાં આવી હતી.

બે મર્ડર મિસ્ટ્રી પોલીસે ઉકેલતાં બહાર આવી ચોંકાવનારી વિગતોઃ પોતાના જ જીવલેણ નીવડ્યા હતાં

# બીજી જ્ઞાતિમાં લગ્ન કરનારને પિત્રાઇએ પતાવી દીધો'તો

## ગળુ દાબી હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી દીધી હતીઃ બીજી ઘટનામાં પ્રેમિકાએ પોતાના પચાસ હજાર પાછા માંગતા પ્રેમીએ હોટેલના રૂમમાં પૈસા લેવાના બહાને બોલાવી ગળાટૂંપો દઇ મારી નાંખી હતીઃ બંને ઘટનામાં હત્યારા ઝડપાઇ ગયા



રાજકોટઃ બે મર્ડર મિસ્ટ્રીનો પોલીસે ભેદ ઉકેલી નાંખ્યો છે. હત્યા કરી બ્રીજ પરથી એક યુવાનની લાશ ફેંકી દેવાઇ હતી. આ ઘટનામાં ચોંકાવનારો પર્દાફાશ થયો છે. અન્ય જ્ઞાતિની યુવતિ સાથે લવમેરેજ કરનારા યુવાનને તેના જ કાકાના દિકરાએ પોતાના પરિચીત સાથે મળી મોતને ઘાટ ઉતારી દીધાનું ખુલ્યું છે. પોલીસે બંને હત્યારાને દબોચી લીધા હતાં. બીજી ઘટનામાં હોટેલમાં પ્રેમિકાની હત્યાનો ભેદ પણખોલી નખાયો હતો. જેમાં પ્રેમીને પ્રેમિકાએ પચાસ હજાર રૂપિયા આપ્યા હોઇ તે પ્રેમી પાસે પાછા માંગતા ઉશ્કેરાયેલા પ્રેમીએ લોહીની હોળી ખેલી હતી. પ્રેમિકાને ગળુ દાબી પતાવી લાશ હોટેલના રૂમમાં મુકી ભાગી ગયો હતો. તેને પકડી લેવાયો છે.

પ્રથમ મર્ડર મિસ્ટ્રી પર નજર કરીએ તો આ બનાવ નડિયાદના ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં બન્યો છે.

રાણિયા મહીસાગર નદીના બ્રિજ નીચેથી હત્યા કરેલી હાલતમાં યુવાનનો મૃતદેહ મળી આવતાં ડાકોર પોલીસ દ્વારા મામલાની તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં કોઇ પરિચિતની જ સંડોવણીની આશંકાને લઇને મૃતક યુવકના પરિવારજનોની પૂછપરછ કરતાં સગા કાકાએ જ તેના એક સાસરીયા પક્ષના યુવક સાથે મળીને કૌટુંબિક ભાઇનું કાસળ કાઢ્યું હોવાનો ઘટસ્ફોટ થયો હતો. ડાકોર પોલીસ દ્વારા હાલમાં બે યુવકોની અટક કરીને તપાસ હાથ ધરવામાં આવી છે. ઠાસરા તાલુકાના રાણિયા મહિસાગર નદીના બ્રિજ નીચેથી હત્યા કરાયેલી હાલતમાં એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.આ મામલેં ડાકોર પોલીસે સ્થળ ઉપર જઇને તપાસ હાથ ધરતાં મૃતદેહ ડેસર તાલુકાના શિહોરા ગામના બત્રીસ વર્ષિય યુવક દિનેશ ચુનારાનો હોવાનું માલુમ પડ્યું હતું. હત્યાના મામલાને ઉકેલવા માટે પોલીસે તેના પરિવારજનોની પૂછપરછ કરતાં દિનેશના કાકાના દીકરા મહેશ અને તેના ફોઇસાસુના દીકરા રોહિત ઉપર શંકા ગઇ હતી. જેથી પોલીસે બંનેની પૂછપરછ કરતાં મહેશે કબુલાત કરી હતી કે દિનેશે દસકા અગાઉ અન્ય જ્ઞાતિની યુવતી સાથે લગ્ન કર્યા હતા. જેને લઇને પરિવારમાં સામાજિક પ્રૌ ઉપસ્થિત થતાં રહેતાં હતા. દરમિયાન મહેશને પણ તેની સાસરીવાળા દિનેશે અન્ય જ્ઞાતિની યુવતી સાથે લગ્ન કર્યા હોવાને લઇને સતત સામાજિક રીતે દબાણ કરતાં હતા અને તેને કારણે મહેશની પત્નીને પણ મુશ્કેલી પડતી હતી. તાજેતરમાં મહેશની પત્નીને તેના પિયરીયા આવીને તેડી ગયા હતા, જેને લઇને મહેશને આ સામાજિક તકરારનો કાયમી ઉકેલ લાવવાનો વિચાર આવ્યો હતો અને આ તકરારનું મૂળ એટલે પોતાના કાકાના દીકરા દિનેશનું જ કાસળ કાઢી નાખવાનો પ્લાન તેણે ઘડ્યો હતો.આ પ્લાનમાં તેણે તેના ફોઇ સાસુના દીકરાએ સાથ આપવાની તૈયારી બતાવી હતી. પ્લાન મુજબ મહેશ અને તેના ફોઇ સાસુના દીકરા રોહિતે ઘટનાની રાત્રે દિનેશને પોતાની બાઇક ઉપર બેસાડીને આવીએ છીએ કરીને લઇને નીકળ્યા હતા. બાદમાં આગળ જઇ તેનું ગળું દબાવી, તેની હત્યા કરી હતી અને બાઇક ઉપર દિનેશના મૃતદેહને વચ્ચે બેસાડીને બંને મહિસાગર નદીના બ્રિજ પર આવ્યા હતા અને ત્યાં એકસો વીસ ફૂટ ઉંચાઇથી દિનેશના મૃતદેહને નદીમાં ફેંક્યો હતો. મહેશ અને રોહિતે સામાજિક તકરારનો ઉકેલ લાવવા માટે દિનેશનું કાસળ કાઢ્યા બાદ તેને બાઇક ઉપર બેસાડીને મહીના બ્રિજ સુધી લઇ ગયા હતા.

આ દરમિયાન દિનેશના પગ માર્ગ ઉપર ઘસાતા હોવાથી તેનો પગના અંગુઠાનો ભાગ છોલાતાં માર્ગ ઉપર પણ લોહીના લિસોટાં પણ પડ્યા હતા. અંતે ભેદ ઉકેલી પોલીસે બંનેને દબોચી લીધા હતાં.આવી જ અન્ય મર્ડર મિસ્ટ્રી પર નજર કરીએ તો અમદાવાદ એરપોર્ટ ઉપર ફૂડ કોર્ટમાં નોકરી કરતી યુવતીની લાશ હાંસોલ પોલીસ ચોકી સામેની હોટલમાંથી મળી હતી.

પોલીસે આણંદથી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં યુવક અને યુવતી વચ્ચે પ્રેમ સંબંધ હતો પ્રેમિકાએ આપેલા રૂપિયા હજાર પ્રેમીને આપ્યા હતાં.

જે પાછા માંગતા બન્ને વચ્ચે તકરાર થઇ હતી જેને લઇને પ્રેમીએ ગળું દબાવીને પ્રેમિકાની હત્યા કરી હોવાનું ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.વી.ઢોલાએ જણાવ્યું હતું. રામોલ વિસ્તારમાં રહેતી અને મહિનાથી એરપોર્ટ ઉપર ફૂડ કોર્ટમાં નોકરી કરતી ૨૫ વર્ષની ગઇકાલે એરપોર્ટ વિસ્તારમાં હાસોલ પોલીસ ચોકી સામે આવેલી તંદુર હોટલમાંથી હત્યા કરેલી હાલતમાં લાશ મળી હતી. આ કેસમાં ક્રાઇમ બ્રાંચે બાપુનગર ઠક્કરનગર પાસે રહેતા ચિંતનની આણંદ પાસેથી ધરપકડ કરી હતી.

ભેદ ઉકેલવા પોલીસ કામે લાગી હતી. દરમિયાન પોલીસ તપાસમાં આરોપી હત્યા કર્યા બાદ નાસી ગયો હતો અને આપઘાત કરવાનો પ્રયાસ કરવાનો પ્રયાસ કર્યાની વિગતો ખુલી હતી. પોલીસ તેના સુધી પહોંચી ગઇ હતી અને પકડી લીધો હતો.

હત્યારો પ્રેમિકાનું બેંકનુ લોન ડેટા એન્ટ્રીનું કામ કમિશનથી આપતો હતો ત્યારે બન્ને વચ્ચે પ્રમ સંબંધ બંધાયો હતો. ડેટા એન્ટ્રીના રૂપિયા બેન્ક પાસેથી આરોપીએ ત્રણ લાખ લઇ લીધા હતા જે પૈકી બે લાખ મૃતકને લેવાના નીકળતા હતા જે રૂપિયા આરોપી આપતો ન હતો. બીજીતરફ મૃતક પાસેથી ઉછીના લીધેલા રૂપિયા પચાસ હજાર આપવાના બહાને આરોપીએ તેને હોટલમાં બોલાવી હતી

અને રૂપિયાની માંગણી કરતાં તકરાર થતાં આરોપી ગળુ દબાવીને હત્યા કરીને નાસી ગયો હતો. આમ બે મર્ડર મિસ્ટ્રીનો પોલીસે ભેદ ઉકેલી હત્યારાઓને દબોચી જેલભેગા કરવાની કાર્યવાહી કરી હતી.

### કેટકેટલાય લોકોએ લાખો કરોડો રૂપિયા ગુમાવી દીધા છે છતાં હજુ લોકોનો મોહ ઓછો નથી થતો

# કેનડા-યુએસ જવાની લ્હાયમાં બે યુવાને ત્રીસ લાખ ગુમાવ્યા

### એક યુવાન સાથે લેભાગુ એજન્ટની દસ લાખની અને બીજા સાથે વીસ લાખની છેતરપીંડીઃ બંનેએ પોલીસની મદદ લીધી




રાજકોટઃ આજના સમયમાં વિદેશમાંથી કેટલાય એવા લોકોને હાંકી કઢાયા છે જે ગેરકાયદેસર રીતે કે પછી કહેવાતા એજન્ટો મારફત બીજા દેશમાં ઘુસી ગયા હતાં. આમ છતાં વિદેશ જવાની લાલસા હજુ ઓછી થતી નથી. વિદેશના વિઝા અપાવવાના નામે ઠગાઇના કિસ્સા સતત બની રહ્યા છે. તાજેતરમાં આવા જ કિસ્સામાં જુનાગઢના આઠ યુવાનોને એજન્ટોએ છેતરી લાખોનો ચૂનો લગાવ્યો હતો. ત્યાં વધુ એક બનાવમાં કેનેડાના વિઝાના નામે ઠગ દંપતિએ એક યુવાનના દસ લાખ ચાંઉ કરી લીધા છે. જયારે આવા જ બીજા બનાવમાં ગઠીયાએ યુએસના વિઝા અપાવી દેવાના બહાને વેપારીને વીસ લાખનો ચૂનો લગાવી દીધો છે.

ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો નડિયાદના પીપળાતાના દંપતીએ આણંદના યુવક સાથે વિદેશ મોકલવાના નામે ૧૦ લાખની છેતરપિંડી કરી છે. આણંદમાં રહેતા અમિતકુમાર હરેશભાઈ પ્રીતવાણી ગિફ્ટ આર્ટીકલની દુકાન ચલાવે છે. અમિતકુમારના પત્ની રીંકુબેનને નોકરી ધંધા માટે કેનેડા જવાનું હોવાથી તેમણે તેમના મિત્ર પરેશભાઈ ભોઈને આ બાબતે વાતચીત કરી હતી. પરેશભાઈએ તેમના મિત્ર મહેશકુમાર કલ્યાણસિંહ મહિડા અને તેમના પત્નિ હિરલબેન મહેશકુમાર મહિડા (બંને રહે પીપળાતા)નો સંપર્ક કરાવ્યો હતો. અમિતકુમાર પીપળાતા ખાતે પાસપોર્ટ અને વિઝાના કામ માટે મહેશ અને હિરલને મળ્યા હતા. જ્યાં વાતચીત બાદ પાસપોર્ટ તથા વિઝાના કામ માટે ૨૫ લાખ રૂપિયા ખર્ચો થશે તેમ જણાવી પહેલા અમિતકુમારના પત્નિના વિઝીટર વિઝા થશે જે પછી વર્ક પરમિટ વિઝાનું કામ થશે તેમ કહ્યું હતું. જેથી અમિતભાઈએ ડીલ થયા મુજબ તબક્કાવાર દસ લાખ રૂપિયા મહેશ મહીડા અને હિરલબેનના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા.

ત્યારબાદ વડોદરા સ્થિત પાસપોર્ટ ઓફિસે વેરિફિકેશન માટે ગયા હતા. જ્યાં અમિતકુમારના પત્નિ અને પુત્રનો પાસપોર્ટ આવી જતાં પત્નિ અને દીકરાને કેનેડા મોકલી આપવાની બાંહેધરી અમિતભાઇને મહેશે આપી હતી. પરંતુ ત્યારબાદમાં કેનેડાના વિઝા ન આવતાં કે અમિતકુમારનો પાસપોર્ટ પણ ન આવતાં આ બાબતે મહેશને ફોન કરીને પૂછપરછ કરતા તે સંતોષકારક જવાબ આપતો ન હતો. જેથી અમિતકુમારે મહેશને રૂપિયા દસ લાખ પાછા આપી દેવાનું કહેતા તે પૈસા પણ પાછા આપતો ન હતો. આખરે પોલીસ મથકે બંને સામે ફરિયાદ નોંધાવાઇ હતી.

આવી જ બીજી ઘટના જોઇએ તો સુરતના સાડીના વેપારીને પતિ,પત્ની અને પુત્રીના યુએસના વિઝા કરાવી આપવાના બહાને ગીરસોમનાથના ગઠીયાએ રૂ.૨૦.૮૫ લાખ પડાવી લઇ છેતરપિંડી કર્યાના ફરિયાદ કાપોદ્રા પોલીસમાં દાખલ થઇ છે. પુણાગામ કેવટનગરમાં રહેતા અજીત ભુપતભાઇ ડોબરીયા પોતાના ઘરેથી ઓનલાઇન સાડી વેચવાના ધંધો કરે છે. ગીર સોમનાથ જિલ્લાના આકોલવાડીના રહેવાસી રોહિત હરી ચોવટીયા હોલસેલ સાડીઓ ખરીદવા માટે વેપારી અજીતના ઘરે આવતા હોવાથી તેમની વચ્ચે પરિચય થયો હતો અને બાદમાં ધંધાકિય સબંધના કારણે નિકટતા વધી હતી. દરમિયાન તે સુરત આવેલા રોહિતને વેપારી અજીતે પોતે પત્નિ અને પુત્રી સાથે યુએસ જવા ઇચ્છતા હોવાનું અને વિઝા જોઈતા હોવાનું જણાવ્યું હતું. ત્યારે તરત જ રોહિતે પોતે યુએસ વિઝાનું કામ કરતા હોય અને યુએસ ખાતે તેને પાર્ટનર છે તેને કહશે એટલે સ્પોન્સર લેટર મોકલી આપશે એમ જણાવ્યું હતું.

બાદમાં રોહિતે ફોન કરીને મુંબઈને ફલાઇટ કેન્સલ થઇ છે. બીજી ફ્લાઇટ અમદાવાદથી ફલાઇટ હોવાનું કહ્યું હતું. પરંતુ નક્કી થયેલી તારીખે રોહિતે ફરી ફોન કરીને તમારા છોકરાના વિઝા થતા નથી આપણે હવે છઠ્ઠી જુલાઈએ સાથે જઇશું એવું બહાનું કર્યું હતું. જોકે બાદમાં રોહિતે ફોન બંધ કરી દીધો હતો. એકાદ મહિના પહેલા રોહિતને ફરી અજીત પર ફોન આવ્યો હતો અને તમારા યુએસના વિઝા થયા નથી તમારો પાસપોર્ટ અને ડોક્યુમેન્ટસ કુરીયરમાં મોકલી આપુ છું એમ કહીં ડોક્યુમેન્ટસ મોકલી આપ્યા હતા.

આમ વિદેશ જવા ઇચ્છુકો સાથે વધુ બે ફ્રોડમાં ગઠીયાઓ કહેવાતા એજન્ટો લાખો ઉસેડી ગયા હતાં. છેતરાયેલાઓને માથે ઓઢીને રડવાનો વારો આવ્યો હતો અને પોલીસની મદદ લીધી હતી. ગમે તેવા કહેવાતા એજન્ટો પર આંધળો ભરોરો મુકી વિઝાની પ્રોસીઝર કરાવતાં પહેલા સો વખત વિચાર કરવાનો, તપાસ કરી પછી જ રૂપિયા આપવાનો હાલ સમય છે.

# ઈન સર્વિસ તબીબોએ માસ સીએલ પર જવાની ઉચ્ચારી ચીમકી

### રાજકોટના એડિશનલ કલેક્ટરને પાઠવવામાં આવ્યું આવેદન : રાજયભરના કલેકટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને પણ સોંપાઈ અરજી

રાજકોટ, તા. ૧૮

સમગ્ર રાજ્યમાં ૫,૦૦૦ જેટલા ઈન સર્વિસ ડોક્ટરોએ પગાર ધોરણનો લાભ તથા સિન્યોરીટી લિસ્ટ બહાર પાડવા સહિત અનેક પડતર પ્રશ્નો નો હલ લાવવા માટે સરકાર સમક્ષ માંગણીઓ કરી છે ત્યારે રાજકોટમાં પણ ઈન સર્વિસ ડોક્ટર હોય એડિશનલ કલેક્ટરને આવેદનપત્ર સોપ્યું હતું અને ચીમકી પણ ઉચ્ચારી હતી કે જો સરકાર આ અંગે કોઈ ગંભીર નિર્ણય નહીં લે તો વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે માસ સીએલ ઉપર ઉતરશે. ઈન સર્વિસ ડોક્ટર એસોસિએશનના હોદ્દેદારોએ રાજ્યભરના કલેકટરો તથા જિલ્લા વિકાસ અધિકારીઓને આવેદન પાઠવ્યું હતું ત્યારે ઈન સર્વિસ ડોક્ટરો દ્વારા રાજકોટ ખાતે અધિક કલેકટરને આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. હાલ જે વિગતો સામે આવી રહી છે તેને ધ્યાને લઈ રાજકોટ શહેર અને જિલ્લામાં ૪૦૦ જેટલા ઈન સર્વિસ ડોક્ટરો સિવિલ હોસ્પિટલ ઉપરાંત પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવી ચૂક્યા છે.

પડતર પ્રશ્નો હલ કરવાની માંગણી સાથે વર્ષ-૨૦૨૧માં પણ તેઓએ બે દિવસની હડતાલ પાડી હતી. આ સમયે તેઓના પ્રશ્નો હલ કરવા માટે રાજય સરકાર દ્વારા ખાત્રી આપવામાં આવી હતી. જે બાદ કોઈપણ જાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. તેઓના વહીવટી પ્રશ્નોમા મુખ્યત્વે ૨૦૧૨,૨૦૧૪ અને ૨૦૧૬ માં જે તબીબોએ જીપીએસસી પરીક્ષા પાસ કરેલ છે અને તેમને ઉચ્ચતર પગારનો લાભ મળવાપાત્ર થયાને વર્ષો થઈ ગયા છે છતાંય ઉચ્ચતર પગારનો લાભ ન મળતા આર્થિક નુકસાન સહન કરવું પડે છે. તબીબોની સેવા સળંગ અંગે જે તે સમયે સમાધાન થયેલ તે વખતે સેવા સળંગ કરી આપવાની બાહેંધરી આપેલ હતી તેમાં મોટાભાગના તબીબોની સેવા સળંગ થયેલ નથી.દર વર્ષે તમામ કેડરમા સિનિયોરિટી લિસ્ટ બહાર પડતું હોય છે પરંતુ આરોગ્ય વિભાગમા ૨૦૧૬ પછી સિનિયોરિટી લિસ્ટ બહાર પડેલ નથી. ડેન્ટલ તબીબી કેડરમાં ભરતી સમયેના નિયમો એક જ હોય છે મેડિકલ કોલેજમાં ભરતી થાય કે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં તો મેડિકલ કોલેજ વાળા ડેન્ટલ તબીબોને ટીકુ આપવામાં આવે છે અને તે જ નિયમોથી ભરતી થયેલ અને દુર્ગમ વિસ્તારમાં ફરજ બજાવતા ડેન્ટિસ્ટો જે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઉપર ફરજ કરે બજાવે છે તેમને ટીકુનો લાભ આપવામાં આવતો નથી.

# PGVCL ભરતી પરીક્ષા મોકૂફ

### વીજ કંપની દ્વારા વર્ગ ત્રણ અને ચારના ખાતાકીય ઉમેદવારોની સેમી ડાયરેક્ટ ભરતી અંતર્ગત જુનિયર આસિસ્ટન્ટ તરીકે ભરતી પરીક્ષા ૨૩ માર્ચે યોજવાની હતી

રાજકોટ, તા. ૧૮

વિવિધ સરકારી ભરતી પ્રક્રિયા માટે જે જાહેરાત કરવામાં આવતી હોય તેને ઘણી વખત વિઘ્ન ઉભો કરે છે અને કોઈ કારણોસર તે ભરતી પ્રક્રિયા થઈ શકતી નથી ત્યારે ફરી એક વખત પીજીવીસીએલની પરીક્ષા પણ મુલતવી રાખવામાં આવી હોવાનું હાલ માનવામાં આવી રહ્યું છે ત્યારે એકાએક આ નિર્ણયથી ઉમેદવારોમાં ઘણી ખરી અટકળો ઊભી થઈ છે. મળતી માહિતી મુજબ પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા વર્ગ ત્રણ અને ચારના ખાતાકીય ઉમેદવારોની સેમી ડાયરેક્ટ ભરતી અંતર્ગત જુનિયર આસિસ્ટન્ટ તરીકે ભરતી પરીક્ષા




૨૩ માર્ચે યોજવાની વાત હતી અને તે માટેનું આયોજન પણ કરવામાં આવ્યું હતું પરંતુ આ પરીક્ષાને હજુ એક સપ્તાહ બાકી રહેતું હોવાથી એકાએક પરીક્ષા મોકો રાખવાનો નિર્ણય લેવામાં આવતા હાલ પરીક્ષાર્થીઓમાં ભારે રોષ વ્યાપી ઊઠયો છે એટલું જ નહીં પરીક્ષા મોકો રાખવા માટે વહીવટી કારણ આપવામાં આવ્યું હોવાનું પણ હાલ જાણવા મળ્યું છે.

આ પરીક્ષા મોકુફ રાખવા કર્મચારી યુનિયને અગાઉ રજુઆત કરી હતી. માર્ચ એન્ડિગને કારણે રિકવરી સહિતના કામનું ભારણ વધુ રહેતુ હોવાને કારણે પરીક્ષા મોડી રાખવા રજુઆત કરવામાં આવી હતી.

એવી ચર્ચા છે કે, તાજેતરમાં કોરોનામાં અવસાન પામેલા કર્મચારીઓને ૨૫ લાખની સહાય આપવામાં ૧૦-૧૦ લાખના ઉઘરાણાનુ પ્રકરણ ગાજયુ હતુ. બે અધિકારીઓને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

આ તકે નનામો પત્ર પણ વાઈરલ થયો હતો. જેમાં રહેમરાહે નોકરી આપવામાં પણ ઉઘરાણા કરાયાનો આક્ષેપ હતો. ઉચ્ચ અધિકારી સામે પણ આંગળી ચિંધીને વિજીલન્સ તપાસ માંગવામાં આવી હતી. પરીક્ષા મોકુફીમાં આ પ્રકરણ પણ નડી ગયુ છે કે કેમ તે વિશે પણ ચર્ચા છે.

# મનપાનું જનરલ બોર્ડઃ ૨૬ પ્રશ્નોની હાર માળા

### ડીઆઇ પાઇપ લાઇન, મલેરિયા વિભાગની કામગીરી, તૂટેલા રોડ રસ્તાની વિગતો સાથે છેલ્લા એક વર્ષમાં મંજૂર કરવામાં આવેલા પ્લાન સહિતના વિવિધ પ્રશ્નો આવ્યા છે પૂછવામાં

રાજકોટ, તા. ૧૮

આજે મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ભાજપ અને કોંગ્રેસના આશરે ૧૭ જેટલા નગરસેવકો દ્વારા કુલ ૨૬ પ્રશ્નો પૂછવામાં આવશે પરંતુ રાબેતા મુજબ દર વખતે માત્ર એક જ પ્રશ્નના જવાબમાં સમગ્ર જનરલ બોર્ડ બેઠક પૂર્ણ કરી દેવામાં આવે છે. ત્યારે આજે પણ આ જ પ્રકારે કામગીરી હાથ ધરવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ધુળેટીના દિવસે એટલાન્ટિસમાં જે આગની ઘટના લાગી તેને ધ્યાને લઈ જવાબદારો સામે તાત્કાલિક ગુનો નોંધવા ની માંગણી પણ થઈ હતી ત્યારે વિપક્ષી સભ્યો આ મુદ્દાને જનરલ બોર્ડમાં ઉઠાવે તેવું પણ હાલ ચર્ચાઈ રહ્યું છે. જો પ્રશ્નો અંગે વાત કરવામાં આવે તો ભાજપના ૧૫ કોર્પોરેટરો એ કુલ ૨૦ પ્રશ્નો પૂછ્યા છે અને કોંગ્રેસના બે કોર્પોરેટર હોય કુલ છ પ્રશ્ન પૂછ્યા છે.

બીજી તરફ ભાજપના કોર્પોરેટરો દ્વારા સરકારી આંકડા મળી રહે તે મુજબના પ્રશ્નો પૂછવામાં આવ્યા હોવાનું પણ હાલ જાણવા મળી રહ્યું છે જેમાં પ્રથમ પ્રશ્ન જે મંજુબેન દ્વારા પૂછવામાં આવ્યો છે તેમાં અર્બન મલેરિયા વિભાગ દ્વારા છેલ્લા બે માસમાં કરવામાં આવેલી કામગીરી અને છેલ્લા પાંચ વર્ષમાં આંતરમાળખાકીય વિકાસ કામો માટે ખર્ચ ગ્રાન્ટ સુવિધા સહિતની ટેકનીકલ માહિતીઓ માંગવામાં આવેલી છે. નીતિનભાઈ રામ-



ાણીએ ઉશ પાઇપલાઇનની કામગીરી અને ભાંગેલા રસ્તાની માહિતીઓ માંગવામાં આવી છે.

મહત્વનું એ છે કે વોર્ડ નંબર ૧૫ ના નગરસેવક કોમલબેન ભારાઈએ તમામ ૧૮ વોર્ડમાં ડ્રેનેજ હાઉસ સહિત જે વિવિધ કામો કરવામાં આવતા હોય અને તેના પગલે જે રોડ રસ્તા તૂટી જાય તેવા તમામ રોડની વિગતવાર માહિતી માંગવામાં આવેલી છે ત્યારે ત્રીજા પ્રશ્નમાં ટીઆરપી ગેમ ઝોન જે થયો ત્યારબાદ ૨૬૦ અને ૨૬૦ એકની નોટિસ આપવામાં આવેલી હોય તેમાં કેટલા ડિમોલિશન કરવામાં આવ્યા કેટલાને વોર્ડ વાઇઝ નોટિસની બજવણી થઈ બીજી તરફ કોર્પોરેટરો દ્વારા કરવામાં આવેલી ફરિયાદોનો નિકાલ કેવી રીતે થયો અને કેટલો થયો તે અંગે પણ માહિતી પૂછવામાં આવી છે.

મહત્વનું એ પણ છે કે જ્યારે જનરલ બોર્ડ માટેનો એજન્ડા પ્રસિદ્ધ થયો ત્યારે તે સાંજે ભાજપના નગરસેવક નેહલ શુક્લા એ પણ ત્રણ પ્રશ્ન પૂછતા છેલ્લા ક્રમે તેને સામેલ કરવાનો નિર્ણય મેયર દ્વારા લેવામાં આવ્યો હતો જેમાં તેઓએ પૂછ્યું છે કે પેલી એપ્રિલ ૨૦૨૪ થી ૧૦ માર્ચ ૨૦૨૫ સુધીના બાંધકામ પ્લાન કેટલા મંજૂર થયા તથા મંજૂર થયેલા ખર્ચ કરતાં કેટલા કામમાં ૧૦% વધુ રકમ ચૂકવવામાં આવી તે તમામ કામોની માહિતી માંગવામાં આવી છે જે સ્પષ્ટ સૂચવે છે કે સત્તાધીશો વચ્ચે પણ ક્યાંકને ક્યાંક ખેંચતાણ તો જોવા મળી રહી છે.

એજન્ડા પ્રસિધ્ધ થયાની સાંજે ભાજપના કોર્પોરેટર ડો. નેહલ શુકલએ વહીવટી તંત્રની કામગીરીને ધ્રુજાવે તેવા ત્રણ પ્રશ્ન રજૂ કરતા મેયરે આ પ્રશ્નો છેલ્લા ક્રમે સામેલ કર્યા છે.

તા. ૧-૪-૨૪થી ૧૦-૩-૨૫ સુધીના બાંધકામ પ્લાન, બીયુ, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં પ્રસિધ્ધ થયેલા ટેન્ડર, કોન્ટ્રાકટર, ખર્ચની રકમ, મંજુર થયેલા ખર્ચ કરતા કેટલા કામમાં ૧૦ ટકા વધુ રકમ ચુકવાઇ તેની માહિતી પૂછી છે.

એટલું જ નહીં મહાનગરપાલિકાની માધાપર ટીપી સ્કીમ નંબર ૧૧ જે સરકારમાં મોકલ્યા બાદ રદ કરવામાં આવી હતી અને સાથે નવી ટીપી સ્કીમ બનાવવા સરકારનો જે પરામર્સ મેળવવાની દરખાસ્ત પણ આજની બોર્ડ બેઠકમાં મોકલવામાં આવી છે. ત્યારે સંભાવના વ્યક્ત થઈ રહી છે કે એટલાન્ટિસની આ ઘટના ને લઇ કાલે વિપક્ષ સત્તાધીશોને આડેહાથ લે તો નવાઈ નહીં.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# નેટવર્ક ભેદો

## બાંગ્લાદેશી ઘૂસણખોરી સામાન્ય ઘટના નથી જ: નેટવર્ક ભેદાશે નહીં તો....



ગુજરાતમાં ચારે બાજુ વ્યાપી ગયેલી ગુન્હાખોરી સામે સરકાર આક્રમક બની રહી છે. સામાજિક તત્વોની યાદી તૈયાર થઈ ગઈ છે. સરકાર પગલા લેવાની તૈયારીમાં છે. ગુંડા તત્વોના ઘર ઉપર બુલડોઝર પણ ચાલવા લાગ્યા છે. જોકે નબળા તંત્રના કારણે અસામાજિક તત્વો રાજ્યના ખૂણે ખૂણે ફેલાઈ ગયા છે. આવા તત્વોનો સફાયો કરવો સરળ કાર્ય નથી. એકાદ-બે સ્થાને માત્ર પ્રતિક રૂપ ઓપરેશનો કરવાથી કાંઈ વળવાનું નથી. ગુંડા તત્વોને ખૂણે ખૂણેથી સાફ કરવા પડશે.

ગુન્હાખોરીનો પડકાર ઘટવાના બદલે વધી રહ્યો છે. ગુજરાતમાં પરપ્રાંતિય-વિધર્મી ગુંડા નેટવર્કે ભરડો લીધો જ છે, હવે આંતરરાષ્ટ્રીય ગુન્હા નેટવર્ક પણ ગુજરાત પર હાવી થતુ દેખાઈ રહ્યું છે. તાજેતરમાં યાત્રાનગરી દ્વારિકામાંથી પાંચ બાંગ્લાદેશી મહિલાઓ ઝડપાઈ હતી.

અહેવાલો પ્રમાણે આ મહિલાઓ દસેક વર્ષથી ભારતમાં ઘૂમી રહી છે. એજન્ટોને રૂ.૨૫ હજાર આપીને ગુજરાતમાં પ્રવેશી હતી. આ મહિલાઓ મુસ્લિમ સમુદાયની છે. પણ હિન્દુ નામ ધારણ કરીને રહેતી હતી. અજાણ્યા દેશમાં ઘૂસવું અને રખડવું મહિલાઓ માટે સામાન્ય પડકાર ન ગણાય. અનુમાન એવું થઈ શકે કે આ મહિલાઓ એકલી નહિ હોય, તેની મોટી ટોળકી ઘુમતી હશે.

ગુજરાત પર ઘૂસણખોરોનો ડોળો હોય તેમ લાગે છે. ઘૂસણખોરો પકડાયાની અનેક ઘટનાઓ બની છે. સવાલ એ થાય છે કે, ન પકડાયેલા ઘુષણખોરો કેટલા હશે ? આવા તત્વો ગુજરાત માટે ભયાવહ જોખમ ગણાય.

બાંગ્લાદેશી ઘુષણખોરીની ઘટનાઓને સામાન્ય ગણી જ ન શકાય. પશ્ચિમ બંગાળમાં આ ઘૂષણખોરો હાલ હાહાકાર મચાવી રહ્યા છે. રાજકીય દ્રષ્ટિકોણથી ઘૂસણખોરો પર મીઠી નજર રાખવામાં આવી હતી.

પ. બંગાળના રાજકીય પક્ષોએ ઘુસણખોરોનો ફાયદો પણ મેળવ્યો છે. હાલ મમતા સરકારની મીઠી નજર બાંગ્લાદેશી ઘુષણખોરો પર હોવાનું માનવામાં આવે છે. જોકે આ ઘુસણખોરો પશ્ચિમ બંગાળમાં ફુલી- ફાલીને મોટાભા બની ગયા. હવે સમગ્ર રાજ્ય માટે માથાના દુઃખાવા જેવા બની ગયા છે. ઘૂસણખોરોના અમુક ગ્રુપની ગુંડાગીરી એટલી બધી વધી ગઈ છે કે, મમતા બેનજીના કાબુમાં પણ રહી નથી. આ ગુંડા તત્વોના કારણે પ. બંગાળ રાજ્યની ઈમેજ બગડી ગઈ છે અને રાજ્યના અર્થતંત્રને પણ ફટકો પડ્યો છે.

ગુન્હાખોરી-ઘૂસણખોરી રાજકીય લાભના દ્રષ્ટિકોણથી જ જોવામાં આવે છે. સામાન્ય લાભ મળે પણ છે, પરંતુ ગુંડાતત્વો- ઘૂસણખોરો ફૂલી-ફાલીને રાક્ષસ બની ગયા બાદ રાજ્ય માટે જ ઘાતક સાબિત થાય છે, રાજકીય પક્ષની ઈમેજ પણ બગડે છે. અને પક્ષને ભયંકર રાજકીય નુકસાન વેઠવું પડે છે. કોંગ્રેસના રાજકીય પતનના અનેક કારણોમાં એક કારણ ગુંડાતત્વો- ઘૂસણખોરોને ફુલવા- ફાલવા દીધા એ પણ છે.

ગુજરાત માટે ઘાતક બને તે પૂર્વે જ રાજકીય લાભ કે નુકસાન ના વિચાર કર્યા વગર ગુંડા તત્વો અને ઘૂસણખોરોનો સફાયો થાય એ રાજ્યના હિતમાં ગણાશે.

# મહાકુંભમાં મૃતકોને શ્રદ્ધાંજલિ ન આપવા બદલ PM પર કોંગ્રેસનો પ્રહાર

## રાહુલ ગાંધીએ ઉઠાવ્યા અનેક સવાલ જ્યારે પ્રિયંકા ગાંધીએ કહ્યું વિપક્ષને પણ બોલવાની તક આપવી જોઈએ





નવીદિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાકુંભને ભારતના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ વળાંક ગણાવ્યો હતો. ક્ખ એ મંગળવારે લોકસભામાં કહ્યું કે દુનિયાએ દેશની ભવ્યતા જોઈ અને આ દરેકના પ્રયત્નોનું મૂર્ત સ્વરૂપ છે. તેમના નિવેદન પર વિપક્ષે વળતો પ્રહાર કર્યો હતો. જ્યારે રાહુલ ગાંધીએ નાસભાગમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ ન આપવા પર પીએમ પર સવાલ ઉઠાવ્યા હતા, ત્યારે પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે વિપક્ષને પણ બોલવાની તક આપવી જોઈએ. લોકસભામાં વડાપ્રધાન મોદીના ભાષણ પર રાહુલ ગાંધીએ કહ્યું, ''કુંભ અમારી પરંપરા છે, અમારો ઈતિહાસ છે. એવી ફરિયાદ હતી કે વડાપ્રધાને મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી નથી. વડાપ્રધાને તેના પર બોલવું જોઈતું હતું.'' તેમણે કહ્યું કે લોકતાંત્રિક પ્રણાલીમાં વિપક્ષના નેતાને બોલવાની તક આપવી જોઈતી હતી પરંતુ તેમને આપવામાં આવતી નથી, આ નવું ભારત છે.

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ લોકસભામાં વડાપ્રધાન મોદીના નિવેદન પર કહ્યું કે, ''વિપક્ષને પણ પોતાનો વિચાર વ્યક્ત કરવાની તક આપવી જોઈતી હતી અને જો અમે અમારા વિચારો રજૂ કરીએ તો વિપક્ષને પણ બે મિનિટ બોલવાની છૂટ આપવી જોઈતી હતી.'' ઘર છોડી દીધું. મહાકુંભ પર વધુ મોટી ચર્ચા થઈ હોત તો સારું થાત. નેતાજીની સરકારમાં મહાકુંભ થયો હતો, તે પણ અખિલેશ યાદવના નેતૃત્વમાં થયો હતો અને આ સરકારોમાં મહાકુંભનું આયોજન ખૂબ જ સરસ અને ભવ્ય રીતે થયું હતું. દુઃખની વાત એ છે કે આ વખતે મહાકુંભમાં નાસભાગ મચી ગઈ અને લોકોએ જીવ ગુમાવ્યા. વડા પ્રધાને ગૃહમાં જણાવવું જોઈતું હતું કે મહા કુંભમાં કેટલા લોકો ગુમ થયા, કેટલા લોકોના મોત થયા અને તેમના પરિવારો માટે સરકાર શું કરશે અને વિપક્ષને પણ તેમના વિચારો રજૂ કરવાની તક આપવી જોઈતી હતી.પ્રયાગરાજ મહાકુંભના સંદર્ભમાં નીચલા ગૃહમાં આપેલા નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે મહાકુંભમાંથી 'એકતાનું અમૃત' અને અન્ય ઘણા અમૃતો નીકળ્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, આજે આ ગૃહ દ્વારા હું દેશવાસીઓને સલામ કરું છું જેમના કારણે મહાકુંભનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. મહાકુંભની સફળતામાં અનેક લોકોએ સહયોગ આપ્યો છે, હું તમામ કર્મયોગીઓને અભિનંદન આપું છું. લોકશાહી માળખાને ટાંકીને કોંગ્રેસ નેતાએ એવો પણ આરોપ લગાવ્યો કે તેમને બોલવાની તક આપવામાં આવી રહી નથી. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, ''લોકશાહી માળખા અનુસાર વિપક્ષના નેતાને બોલવાની તક મળવી જોઈએ, પરંતુ તેઓ અમને બોલવા દેતા નથી. આ નવું ભારત છે.'' રાહુલ ગાંધીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે લોકસભામાં મહાકુંભ અને અન્ય મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી છે. વિપક્ષે અગાઉ પણ મહાકુંભ દરમિયાન થયેલા અકસ્માતને લઈને સરકાર પર સવાલો ઉઠાવ્યા હતા અને હવે રોજગારી જેવા મહત્વના મુદ્દાને જોડીને સરકાર પર દબાણ વધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# નાગપુર હિંસા યોજનાબદ્ધ હોવાની આશંકા : ફડણવીસ

## ફડણવીસે વિધાનસભામાં કહ્યું હતું કે ફિલ્મ છાવાએ ઔરંગઝેબ સામે લોકોનો ગુસ્સો ભડકાવ્યો છે

નવીદિલ્હી તા. ૧૮

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે નાગપુરમાં થયેલી હિંસા યોજનાબદ્ધ હોવાની આશંકા વ્યક્ત કરી છે. ફડણવીસે વિધાનસભામાં કહ્યું હતું કે ફિલ્મ છાવાએ ઔરંગઝેબ સામે લોકોનો ગુસ્સો ભડકાવ્યો છે. ૧૪ ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી આ ફિલ્મ એક પછી એક વિવાદો સર્જી રહી છે. આ ફિલ્મને લઈને શરૂ થયેલી રાજકીય બયાનબાજી હવે મહારાષ્ટ્રમાં હિંસા સુધી પહોંચી ગઈ છે. અઈખઈખના વડા અસદુદ્દીન ઓવૈસીએ આ હિંસાને સરકાર અને ગુપ્તચર તંત્રની નિષ્ફળતા ગણાવી છે. એએનઆઈ સાથે વાત કરતા, તેમણે કહ્યું, ''છેલ્લા કેટલાક અઠવાડિયામાં મહારાષ્ટ્ર સરકારના મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ જે ઉશ્કેરણીજનક નિવેદનો આપી રહ્યા છે તે જોવાની જરૂર છે. તેઓને તેમની જવાબદારીઓનું ભાન નથી કે તેઓ મંત્રી અને મુખ્યમંત્રી છે. જ્યારે આ થઈ રહ્યું હતું, ત્યારે હિન્દુઓ અને મુસ્લિમોએ ડીસીપીને ફરિયાદ કરી હતી, પરંતુ તેમણે કોઈ પગલાં લીધા ન હતા, જેના પછી હિંસા થઈ હતી.''

શિવસેનાના નેતા સંજય રાઉતે નાગપુર હિંસા પર ભાજપ પર મોટો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું, ''નાગપુરમાં હિંસાનું કોઈ કારણ નથી. આ દેવેન્દ્ર જીનો મતવિસ્તાર છે. આ હિંદુઓને ધમકાવવાની અને તેમને રમખાણો માટે ઉશ્કેરવાની એક નવી પેટર્ન છે. નાગપુરમાં જે રીતે પરિસ્થિતિ તંગ બની છે તે અત્યંત નિંદનીય છે. કેટલાક લોકોએ પોલીસ પર પથ્થરમારો પણ કર્યો, જે ખોટું છે. હું પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છું. દરેક વ્યક્તિ શાંતિ જાળવી રાખે. જો કોઈ હુલ્લડ કરે કે પોલીસ પર પથ્થરમારો કરે કે સમાજમાં તણાવ પેદા કરે તો આવા તમામ લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. હું દરેકને અપીલ કરું છું કે નાગપુરની શાંતિ ડહોળાય નહીં તે માટે વર્તન કરો. જો કોઈ તણાવ પેદા કરવાનો પ્રયાસ કરશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

મહારાષ્ટ્રના નાગપુરમાં થયેલી હિંસામાં અત્યાર સુધીમાં ૪૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અહીંથી ઔરંગઝેબની કબર હટાવવાની માંગ કરવામાં આવી હતી. આ દરમિયાન બે જૂથ વચ્ચે ઝઘડો શરૂ થયો હતો. મહારાષ્ટ્રના સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે આ હિંસક ઘટના અને રમખાણો પૂર્વ આયોજિત લાગે છે. છાવા ફિલ્મે ઔરંગઝેબ સામે લોકોનો ગુસ્સો ભડક્યો છે, છતાં બધાએ મહારાષ્ટ્રમાં શાંતિ જાળવી રાખવી જોઈએ.'' મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું છે કે જે લોકો આમાં સામેલ છે તેમને બક્ષવામાં આવશે નહીં, ફડણવીસે લોકોને શાંતિ જાળવવા માટે પોલીસ કમિશનરને સૂચના આપી છે.

# અરજદારોને દસ દિવસમાં ચૂંટણીપંચ સમક્ષ કેસ રજૂ કરવા સુપ્રીમનો આદેશ

## સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચની રજૂઆતની નોંધ લીધી અને વેબસાઈટ પર મતદાન મથક તથા મતદાન ના ડેટા અપલોડ કરવાની માંગ પર ચર્ચા કરવા તૈયારી દાખવી

નવીદિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે મંગળવારે ચૂંટણી પંચની રજૂઆતની નોંધ લીધી કે તે તેની વેબસાઇટ પર મતદાન મથક-મતદાર મતદાન ડેટા અપલોડ કરવાની માંગ પર ચર્ચા કરવા તૈયાર છે અને અરજદારોને ૧૦ દિવસની અંદર ચૂંટણી પંચ સમક્ષ તેમનો કેસ રજૂ કરવા જણાવ્યું હતું. ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમાર અને કેવી વિશ્વનાથનની બેંચ અનુક્રમે ૨૦૧૯માં TMC સાંસદ મહુઆ મોઈત્રા અને NGO એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા દાખલ કરાયેલી બે PILની સુનાવણી કરી રહી હતી. પીઆઈએલએ ચૂંટણી પંચને લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં મતદાન સમાપ્ત થયાના ૪૮ કલાકની અંદર તેની વેબસાઇટ પર મતદાન મથક મુજબ મતદાર મતદાનનો ડેટા અપલોડ કરવા માટે નિર્દેશ માંગ્યો હતો. ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે કહ્યું કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ફરિયાદ પર ચર્ચા કરવા માટે મળવા માગે છે. હવે નવા મુખ્ય ચૂંટણી કમિશનર છે. અરજદારો તેમને મળી શકે છે અને આને ધ્યાનમાં લઈ શકાય છે.

CJI એ પછી કહ્યું, ''તે દરમિયાન, ચૂંટણી પંચના વકીલે રજૂઆત કરી છે કે અરજદારો (એનજીઓ અને સાંસદો) ચૂંટણી પંચ સમક્ષ રજૂઆત કરી શકે છે અને ચૂંટણી પંચ તેમને સુનાવણીની તક આપશે અને તેના વિશે અગાઉથી જાણ કરશે. રજૂઆત ૧૦ દિવસની અંદર થવી જોઈએ.'' કોર્ટે સુનાવણી ૨૮મી જુલાઈ પર મુલતવી રાખી છે.

ગયા વર્ષે ૧૭ મેના રોજ, સર્વોચ્ચ અદાલતે અરજીઓ પર ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો હતો, જેના પગલે ચૂંટણી પંચે એનજીઓની માંગનો વિરોધ કર્યો હતો, એવી દલીલ કરી હતી કે તે ચૂંટણીના વાતાવરણને બગાડે છે અને સામાન્ય ચૂંટણીઓ વચ્ચે ચૂંટણી તંત્રમાં ''અરાજકતા'' ઊભી કરશે.

નવા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ફેબ્રુઆરી ૨૦૨૫ માં કાર્યભાર સંભાળતા હોવાથી અરજદારોને મળવાની સર્વોચ્ચ ચૂંટણી સંસ્થાની ઇચ્છાએ નરમ અભિગમનો સંકેત આપ્યો. સિંહે કહ્યું કે ચૂંટણી પંચ આ મુદ્દે અરજદારોની રજૂઆતો સાંભળવા માટે ''તૈયાર અને તૈયાર'' છે. મે ૨૦૨૪માં ચૂંટણી પંચ દ્વારા ફાઈલ કરવામાં આવેલી એફિડેવિટમાં મતદાર મતદાનના ડેટાના જાહેરમાં ખુલાસા સામે મક્કમ વલણ લેવામાં આવ્યું હતું. એફિડેવિટમાં, સુપ્રીમ કોર્ટમાં એવી દલીલ કરવામાં આવી હતી કે ચૂંટણીના ઉમેદવારો અથવા તેમના પોલિંગ એજન્ટો સિવાય અન્ય કોઈ વ્યક્તિને મતદાર મતદાનનો ડેટા પ્રદાન કરવા માટે આવો કોઈ ''કાનૂની આદેશ'' નથી.

એનજીઓએ આરોપ મૂક્યો હતો કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ECI દ્વારા જાહેર કરાયેલા પ્રારંભિક મતદાન ટકાવારીના આંકડાઓમાં અચાનક વધારો થતાં મતદાનની ટકાવારીની વિગતો પ્રકાશિત કરવામાં અસાધારણ વિલંબ થયો હતો.

ADR મુજબ, આ વિકાસએ જાહેર ડોમેનમાં ઉપલબ્ધ મતદાન ડેટાની પ્રામાણિકતા વિશે ખતરાની ઘંટડી વગાડી હતી અને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVMs) માં ફેરફાર કરવામાં આવ્યો હતો કે કેમ તે અંગે શંકા ઊભી કરી હતી.




## શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# બે ઘેટાં બાખડ્યા! (બોધકથા)

## લડતાં ઘેટા અને લાલચુ શિયાળની બોધકથા માંથી ચાર શીખ ગ્રહણ કરી જીવન સુધારીએ!



ઈશ્વરની અનહદ કૃપાને કારણે ''નાનીમા'' થઈ અને નાનીમા નાનકડી પરીને આપણી સંસ્કૃતિનો પરિચય કરાવતી વાર્તા અને હાલરડાં સંભળાવે! અને એ પણ ''બીટા ૨'' જનરેશન હોય અત્યારથી બધું રસપૂર્વક સાંભળે ! રોજ રોજ એને શું વાર્તા કરવી! એટલે સર્ચ કરતી હતી, તો પંચતંત્રની બોધકથા માંથી એક આપણે પણ સમજવા જેવી લાગી, કારણ કે ઈશ્વરે બનાવેલી દુનિયામાં જાત જાતનાં લોકો વસે છે, અને લગભગ દરેકને એમ છે કે પોતે કંઈક છે, અથવા તો પોતે શ્રેષ્ઠ છે. દુનિયાએ તેની વાત માનવી જોઈએ! તો કેટલાક એવા પણ છે જે પ્રકૃતિએ આળસુ છે, અને સમાજમાં જે લોકોની વિચારધારાનું મહત્વ વધારે હોય, એ સમૂહ સાથે એ જોડાઈ જાય, તેને પોતાની કોઈ અલગ આઈડેન્ટિટી ની જરૂર નથી. એ બસ કોઈ કહે હાં, તો હાં! અને કોઈ કહે ના તો ના! એમ જીવે રાખે, લાંબુ કંઈ વિચારે નહીં, કે આમાં અંતે તો મારું જ નુકસાન છે. જીવનની હરક્ષણ કોઈને કોઈ બોધ પાઠ શીખવવા માટે જ આપણી સામેથી પસાર થતી હોય છે. એટલે કે આપણી આસપાસ અને આપણા જીવનમાં ઘટતી ઘટનાઓથી જ આપણે કંઈક શીખ લઈએ, તો પછી વારેવારે તકલીફ કે સમસ્યાનો સામનો કરવો ન પડે. મારે તો હરઘડી સદગુરુ કૃપાનું બળ છે,પણ ઘણાને પ્રશ્ન થાય કે, જીવનમાં સદગુરુ માર્ગદર્શક બનીને શું કરતા હોય છે? કે આપણું જીવન સમુગળુ બદલાઈ જાય? તો એનો જવાબ માત્ર એક લીટીમાં એટલો જ આવે, કે સમય સંજોગો જે આપણને શીખ કે બોધ આપવા માંગતા હોય, એ આપણે ગ્રહણ કરી શકીએ, અને એમાંથી તત્વ બોધને તારવી અને આગળનું જીવન સ્વસ્થતાપૂર્વક જીવી શકીએ, એવી ક્ષમતા આપણામાં ઉભી કરે. અથવા તો સમસ્યા સમયે અન્ય કોઈના દોરાવાથી આપણે દોરાઈએ નહીં, આપણી સ્થિર અને નિર્ણયાત્મક બુદ્ધિથી આપણે નિર્ણય કરી શકીએ, કે સાચું શું છે? અને ખોટું શું છે? સારું શું છે? અને ખરાબ શું છે? ઘણીવાર એવું થતું હોય કે, આપણો સમય એવો હતો! સંજોગો એવા હતાં! સંબંધમાં દ્રોહ થયો! એટલે કે વિશ્વાસઘાત થયો! સત્ય સમજાયું નહીં! એવા બધા કારણોથી આ બોધ ગ્રહણ કરવાનું ચૂકી જતા હોઈએ છીએ, અને જે આપણાં જીવનની ભૂલ કરતાં સૌથી મોટી સમસ્યા છે, એમ કહેવું વધુ યોગ્ય રહેશે. કારણ કે સમગ્ર ઘટનાઓની હારમાળા આપણી નજર સામે જ ઘટતી રહે છે, અને આપણે ઘણીવાર ના ના! આ તો મારા લાભ માટે છે, અથવા તો મારા ફાયદા માટે છે, એવું વિચારીને તમાશો જોતા હોઈએ છીએ. અથવા તો સ્વાર્થ પૂર્વક એ ઘટના ઘટ્યા પછી, આપણે તો માલામાલ થઈ જશું! એમ ચૂપ રહેતા હોઈએ છીએ. આજે આપણે પણ એવી એક બોધ કથાનો સહારો ચિંતનમાં લેવાનાં છીએ.

આજે આપણે પંચતંત્રની વાર્તાઓમાંથી એક નાનકડી બોધ કથા કે જે વિષ્ણુ શર્મા નામના પંડિતે રાજાના ત્રણ પુત્રોને સંભળાવી હતી, એ વિશે વાત કરીશું. સર્વ પ્રથમ તો દક્ષિણના અમરશક્તિ નામના રાજાને ત્રણ પુત્રો હતાં જે દેખાવે રૂપાળા, અને બુદ્ધિથી તે મૂર્ખ હતાં. માટે રાજા કોને રાજા બનાવે એ વિશે મૂંઝાયેલો હતો અને તેણે પોતાના આ ત્રણેય પુત્રોને બુદ્ધિશાળી બનાવવા માટે વિષ્ણુ શર્મા નામના પંડિતને પોતાના રાજ દરબારમાં બોલાવ્યા હતા, અને એણે આ ત્રણે રાજકુમાર ને સંબોધીને જે જે બોધ વાર્તાઓ કહી તેને આપણે પંચતંત્રની કથાઓ તરીકે ઓળખીએ છીએ.

લડતાં ઘેટા અને લાલચુ શિયાળ.

એક જંગલમાં એક શિયાળ ખોરાકની તલાશમાં આમતેમ ભટકી રહ્યું હતું, ત્યાં એની નજર બે લડતાં ઘેટા પર પડી. જે બંને જણાં એકબીજા સાથે માથાં ભટકાડીને પ્રચંડવેગથી લડી રહ્યા હતાં. શિયાળને થયું કે હમણાં લડતાં લડતાં આ બંને મરી જશે, અને મને તેનું તાજુ તાજુ માસ ખાવા મળશે. એટલે શિયાળ ત્યાં આગળ ઊભું રહી ગયું, કે મારે તો કંઈ કરવાની જરૂર જ નથી. બંને ઘેટાંઓ લડતાં હતાં અને માથા પછાડતાં હતાં, એટલે બહુ સ્વાભાવિક રીતે જ તેમનાં માથામાં ઈજા પહોંચી હતી, અને તેમાંથી લોહી નીકળતું હતું. શિયાળ એ લોહી ચાટતું હતું, અને ક્યારે આ લોકો લડી લડીને મરી જાય! અને તે એનો ખોરાક મેળવે. ઝાડ ઉપર બેઠેલો કાગડો શિયાળને કહેતો હતો કે, તમે અહીંથી આઘા ચાલ્યા જાઓ, નહીં તો હમણાં તમારો મરો છે. પરંતુ શિયાળે એની વાત સાંભળી નહીં, અને કહ્યું કે અડધી કલાક પછી તું જોજે શું થાય છે! અને શિયાળ ધીરેધીરે કરતા ઘેટાની એકદમ નજીક પહોંચી ગયું. સમજો બિલકુલ બંનેની વચ્ચે, અને બંને ઘેટાંઓ નીચે મુંડી કરીને, એકબીજા સાથે યુદ્ધ કરી રહ્યાં હતાં. સાચે જ એ કાગડાની ભવિષ્યવાણી સાચી પડી, અને આ વખતે શિયાળ બંને ઘેટાની વચ્ચે આવીને છુંદાઈ ગયું. એટલે કે બંનેના માથાં પ્રચંડ વેગથી તેની સાથે ભટકાયા, અને તેનો છુંદો થઈ ગયો. પંચતંત્રની વાતમાં લખ્યું નથી, કે ઘેટાનું શું થયું? પણ અંતે એ લોકો પણ બંને જણાં લડતાં લડતાં મરી જ ગયા હશે, અને શિયાળનાં મરવા સાથે જ કાગડાએ, પોતાના ભાઈબંધોને કા કા કરીને, બોલાવી લીધાં, અને એમણે શિયાળના દેહની ઉજાણી કરી!

આ નાનકડી બોધ કથા આપણને ચાર પ્રકારની શીખ આપે છે, સર્વ પ્રથમ તો કે બે વ્યક્તિની લડાઈ ચાલતી હોય, ત્યારે ત્યાં ઊભા રહીને, પોતાના લાભ માટે તમાશો જોવો નહીં. બીજું કોઈ આપણને એવે સમયે ચેતવે તો એમાં પોતાનું હિત છે, એમ સમજી લેવું! પુરુષાર્થ કર્યા વગર લાલચની અપેક્ષા રાખવાથી ક્યારેય ભલું થતું નથી. એટલે કે મેળવવા કરતા ક્યારેક ગુમાવવું પણ પડે! અને સૌથી છેલ્લી અને મહત્વની શીખ, ઘેટાંને કોઈપણ પ્રકારની બુદ્ધિ હોતી નથી, માટે આવા બુદ્ધિ વગરની બહેસ કે લડાઈમાં પડ્યા વગર આપણે આપણું કામ કરવું! એને મહત્વ દેવું નહીં, એટલે કે જેમાં કોઈ તથ્ય જ ન્હોય! ત્યાં આગળ ખોટો સમય કે શક્તિનો વ્યય કરવો નહીં!

સાંપ્રત સમયના સમાજમાં દરેક ક્ષેત્રમાં આવું ચાલી રહ્યું છે, પરંતુ ધર્મ ક્ષેત્રમાં જ્યારે આવા કોઈ અજ્ઞાનના મુદ્દા પર બે સંપ્રદાયો બાખડી રહ્યા હોય ત્યારે, શાણા માણસે ત્યાંથી દૂર રહેવું. અથવા તો બે બુદ્ધિ વગરના ઘેટા બાખડી રહ્યાં છે, એમાં કોઈ તથ્ય નથી એમ સમજી આપણા ધર્મની મૂળ પરંપરાને અનુસરવું. છતાં જો ભૂલથી એવા વિવાદમાં ફસાઈ ગયાં હોઈએ, ત્યારે કોઈ કાગ વાણી એટલે કે ભવિષ્યવાણી કરે તો એની વાત માની અને ત્યાંથી નીકળી જવું. એ રસ્તો સાચા ધર્મનો નથી, સાચો ધર્મ ક્યારેય લડાઈ શીખવે નહીં. હું સાચું શીખવે નહીં. હું શ્રેષ્ઠ છું? બધાંએ અમારાં જ ધર્મ ને મહત્વ દેવું! અથવા અનુસરવું, એવું કહે નહીં! એ વાત ખાસ યાદ રાખવી. બાકી તો જીવન વ્યવહારમાં આવી ઘેટાઓની લડાઈ વારંવાર જોવા મળવાની જ છે, તો એમાં આપણે પડવું નહીં. બીજું આપણે પણ જ્યારે અન્ય સાથે કોઈ મુદ્દે વિચાર વિવાદ કરતાં હોઈએ, ત્યારે એ પણ ચકાસી લેવાનું. ક્યા વિચાર વિવાદમાં કોઈ તથ્ય જ છે ખરું? કે આપણે પણ પેલા ઘેટાઓની જેમ જ શરૂ થઈ ગયા છીએ. તો આપણે સૌ આપણી આસપાસ ઘટતી ઘટનાઓમાંથી, સાચો અને જીવન સુધારી શકે એવો બોધ પ્રાપ્ત કરી, અને આવાં સમાજના દુશ્મન જેવા ઘેટાની લડાઈઓમાં અટવાયા વગર આપણી જાતને બચાવીને જીવી શકીએ, અને લોભ લાલચ છોડી સ્વસ્થ બનીએ અને સમાજને સ્વસ્થ બનાવીએ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### આ તો રોજનું થઇ ગયું...દૂષ્કર્મની ઘટનાઓ અટકતી જ નથીઃ વધુ એક ચોંકાવનારો કિસ્સો

# પરિણીતાને દારૂ પાઇ બળાત્કારઃ વિડીયો ઉતારી બ્લેકમેઇલ કરી

## સાસુની પણ સંડોવણીઃ બીજી ઘટનામાં બળજબરીનો ભોગ બનેલી છ વર્ષની બાળાની હાલત દયનીયઃ પ્રાઇવેટ પાર્ટમાં પચ્ચીસ ટાંકા લેવા પડ્યા

રાજકોટઃ રાજ્યભરમાં રોજ એવી એવી ઘટનાઓ સામે આવતી રહે છે જે વાંચતા, સાંભળતા એમ જ લાગે કે આ તો રોજનું થઇ ગયું! વધુ એક દૂષ્કર્મની ઘટના સામે આવી છે જેમાં એક શખ્સે પરિણીતાને ફસાવી દારૂ પીવડાવી બળાત્કાર ગુજારી લીધો હતો. એટલુ જ નહિ તેણીનો વિડીયો બનાવી બ્લેકમેઇલ પણ કરી હતી. સૌથી વધુ ચોંકાવનારી વાત એ છે કે આ ઘટનામાં ભોગ બનનારની સાસુ સામે પણ આંગળી ચિંધાઇ હોઇ પોલીસે તપાસ શરૂ રી છે.



દૂષ્ર્મની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો સુરત શહેરના ખટોદરા વિસ્તારમાં રહેતી એક પરણિતા પર ભટાર તેમજ મહારાષ્ટ્રમાં એક યુવાન દ્વારા દારૂ પીવડાવી બળાત્કાર ગુજાર્યો હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. આ મામલે વધુ ચોંકાવનારી વાત એ છે કે પરણિતાની સાસુ પણ આ ગુનામાં સંડોવાઈ હોવાનો આક્ષેપ થયો છે. સાસુએ બળાત્કાર ગુજારનાર યુવકે બનાવેલો વીડિયો પરણિતાના સગા-સંબંધીઓને મોકલી આપ્યો હતો. આ અંગે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ સુત્રોએ વિગતો આપતાં કહ્યું હતું કે ભટાર આઝાદ નગરમાં રહેતા ગોપાલ હીરાલાલ બોરે વિરૂદ્ધ પરિણીતાએ બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ આરોપી ગોપાલે મહિલાને ભટાર ખાતે પોતાના ઘરે દારૂ પીવડાવ્યો હતો. દારૂના નશામાં મહિલાને પ્રપોઝ કરી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આટલું ઓછું હોય તેમ આરોપી ગોપાલે મહિલાના ફોટા અને વીડિયો મોબાઈલમાં રેકોર્ડ કર્યા હતા. બાદમાં આ વીડિયો પરણિતાના પતિને બતાવી દેવાની ધમકી આપી. આ મામલે આરોપી ગોપાલે પરિણીતાની સાસુને પણ આ વીડિયો મોકલ્યા હતા. સાસુએ આ વીડિયો અન્ય સગા-સંબંધીઓને મોકલી દીધા હતા, જેના કારણે પરિણીતાના જીવનમાં તોફાન સર્જાયું હતું. ફરિયાદમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આરોપી ગોપાલે એકવાર નહીં, પરંતુ અલગ-અલગ જગ્યાએ મહિલાને દારૂ પીવડાવીને દુષ્કર્મ ગુજાર્યું હતું. મહિલાની મજબૂરીનો લાભ લઈને શારીરિક શોષણ કરાતું રહ્યું અને વારંવાર બ્લેકમેલ કરતો રહ્યો. આખરે પરિણીતા ભયમુક્ત થઈ ગઈ અને હિંમત ભેગી કરીને ગત રોજ પોલીસ ફરિયાદ નોંધાવી. ખટોદરા પોલીસે ફરિયાદ નોંધાવી અને આરોપી ગોપાલ તેમજ તેની સાથીદારો વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે. આ ગુનામાં કાવત્રાનો ભાગ બની રહેલી પરિણીતાની સાસુની ભૂમિકા અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. સુરત પોલીસે આરોપીઓને ઝડપથી પકડી કાયદાના સકંજામાં લાવવા માટે તપાસ હાથ ધરી છે.

બીજી તરફ સુરતમાં ફૂટપાથ પર માતા સાથે સૂઈ રહેલી માસૂમ છ વર્ષની બાળકીનું અપહરણ કરી તેને સુરત મહાનગરપાલિકાના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડમાં લઈ જઈ બળાત્કાર ગુજારનાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પરંતુ દુષ્કર્મની શિકાર બનેલી બાળકી ઘટના બાદ ત્રણ દિવસથી ગંભીર ટ્રોમામાં છે. અડતાલીસ કલાક આઈસીયુમાં રહ્યા બાદ હાલ તેને જનરલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યું છે, પરંતુ બાળકી માતા સિવાય કોઈ પણ અજાણ્યા વ્યક્તિ તરફ જોવા પણ માંગતી નથી. દુષ્કર્મની શિકાર બનેલી માત્ર છ વર્ષની બાળકીને -ાઇવેટ પાર્ટમાં ગંભીર ઈજા થતાં, સુરત મહાનગરપાલિકા સંચાલિત હોસ્પિટલમાં ઓપરેશન કરાવવું પડ્યું હતું. દોઢ કલાકના ઓપરેશનમાં તેને પ્રાઈવેટ પાર્ટમાં ૨૫ જેટલા ટાંકા મારવામાં આવ્યા છે, અને ત્રણ લેયર સુધી ડેમેજ થયું છે. આટલી ગંભીર હાલત હોવા છતાં, બાળકીએ આરોપીની તમામ વિગતો પોલીસને આપી હતી. દોઢ કલાકના ઓપરેશન બાદ માસૂમ નિર્ભયાને આઈસીયુમાં રાખવામાં આવી હતી. અડતાલીસ કલાકમાં તેની સ્થિતિ સ્થિર થતાં, આખરે તેને જનરલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવી હતી

હોસ્પિટલના ડોકટર અને નર્સિંગ સ્ટાફ જ્યારે બાળકી સાથે વાત કરવાનો પ્રયત્ન કરે છે અથવા તો ચોકલેટ કે કોઈ અન્ય વસ્તુ આપવાનો પ્રયત્ન કરે છે, ત્યારે તે ચોખ્ખી ના પાડી દે છે. તે કોઈ પણ અજાણ્યા વ્યક્તિ સાથે વાત કરવા માંગતી નથી. માતા સાથે પણ માત્ર હા-ના માં જ વાત કરે છે. માસૂમ બાળકી માનસિક આઘાતમાં છે. કોઈપણ અજાણ્યા વ્યક્તિને જોઈને ભયભીત થઈ જાય છે. બાળકી આઈસીયુમાં પણ અચાનક રડવા લાગી હતી અને પેનિક થઈ જતી હતી. તેને રડતા જોઈ ડોક્ટર અને મેડિકલ સ્ટાફના લોકોના રૂંવા ભા થઈ જતા હતા કે આટલી નાની ઉંમરમાં બાળકી માત્ર શારીરિક જ નહીં, પરંતુ માનસિક યાતના પણ સહન કરી રહી છે.

# મનપા - રૂડાના ૬૦૦ કરોડના વિકાસ કામોને ખુલ્લા મૂકશે CM

## ૨૬ માર્ચના રોજ કટારીયા ચોકડી ખાતે વિશાળ જનસભા સંબોધશે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ : એલિવેટેડ બ્રિજનું કરશે ખાતમુહૂર્ત

રાજકોટ તા. ૧૮

રાજ્ય સરકાર દરેક શહેરમાં માળખાગત સુવિધાનો વિકાસ થાય તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરી રહ્યું છે ત્યારે ફરી એક વખત રાજકોટમાં કોર્પોરેશન અને રૂડા વિસ્તારના આશરે ૬૦૦ કરોડના જે નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે અને તેની સાથો સાથ જે વિકાસ કામો ની ગણતરી કરવામાં આવી હતી તેના ભૂમિ પૂજન અને લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવશે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ૨૬ તારીખના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજકોટ આવવાના છે ત્યારે તેમના વરદ હસ્તે કટારીયા ચોક પહેલા કેબલ ઓવરબ્રિજ અને અંડર બ્રિજનું ભૂમિ પૂજન થશે અને તે જ ચોકમાં મુખ્ય કાર્યક્રમ પણ નક્કી કરવામાં આવ્યો છે. હાલ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ કટારીયા ચોકડીએથી જ આ બ્રિજનું ભૂમિ પૂજન ઉપરાંત નવા રીંગરોડ ને ફોર ટ્રેક કરવા સહિતના કામો નો શુભારંભ મુખ્યમંત્રીના ભરત હસ્તે કરવામાં આવશે જેના માટે હાલ મહાનગરપાલિકાના અધિકારીઓ તથા સત્તાધીશો એ કામગીરી શરૂ કરી દીધી છે અને સ્થળ મુલાકાત પણ કરવામાં આવી હતી.

સંબંધિત વિભાગ ના સૂત્રોના જણાવ્યા અનુસાર કટારીયા ચોકડી પાસે જ મુખ્યમંત્રી ના જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે કારણ કે સૌપ્રથમ એલિવેટેડ અને અંડર બ્રિજ નવા રીંગરોડ ઉપર જે બનવા જઈ રહ્યો છે તેની સાથોસાથ બજેટમાં મંજૂર કરવામાં આવેલા વિવિધ કામો જેવા કે મવડીના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ , કે કેવી ચોક બ્રિજ હેઠળ બનાવવામાં આવેલા ગેમ ઝોન સહિતના વિવિધ કામોનું લોકાર્પણ કરવામાં આવશે. એટલું જ નહીં કટારીયા ચોક ખાતે જે ૧૬૭ કરોડના ખર્ચે એલિવેટેડ બ્રિજ બની રહ્યો છે તેનું પણ ભૂમિ પૂજન કરાશે.

રૂડા અને મનપા દ્વારા નવા રીંગ રોડના ચાલતા વિકાસમાં ઘંટેશ્વરથી માલીયાસણ, ઘંટેશ્વર સ્માર્ટ સીટી રોડથી કોરાટ ચોક તરફ ફોરટ્રેકનું કામ પણ મુખ્યમંત્રીના હસ્તે શરૂ કરાવવામાં આવશે.

વેસ્ટ ઝોનના ૨૬૮ કરોડના, ઈસ્ટ ઝોનના ૪૫.૮૦ કરોડ અને સેન્ટ્રલ ઝોનના ૧૩.૩૫ કરોડના કામોનું લીસ્ટ હાલ બનાવાયું છે. નવા રીંગ રોડને ફોરટ્રેક બનાવવાની કામગીરીમાં કોરાટ ચોક તરફ ૧૦૦ કરોડનું કામ મંજૂર કરાયું છે. રૈયા સ્માર્ટ સીટી તરફ બ્રીજ વાઈડનીંગનું કામ પણ શરૂ કરાશે.

મવડીમાં વોર્ડ નં.૧૨માં ૨૨.૩૪ કરોડના ખર્ચે બંધાતુ સ્પોર્ટસ કોમ્પલેક્ષ તૈયાર થઇ ગયું છે.

આ રેસકોર્સથી પણ બેનમુન સંકુલનું લોકાર્પણ કરાશે તો કેકેવી ચોક બ્રીજ હેઠળ બનાવવામાં આવેલા ગેમ ઝોનનું પણ મુખ્યમંત્રી ઉદઘાટન કરશે.

મુખ્યમંત્રી મોરબી થઇને રાજકોટ આવવાના છે અને હવે આ કાર્યક્રમની તૈયારીઓ શરૂ થઇ ગઇ છે.

### ઓ જાને વાલે હો શકે તો લૌટ કે આનાઃ અપમૃત્યુની સાત ઘટનાઓમાં પરિવારજનોએ સ્વજનો ગુમાવતાં ગમીગીની

# યુવાન - પ્રૌઢને વાહન અકસ્માતની ઘાત નડતાં જિંદગીની સફર ખતમ

## અઢાર વર્ષની યુવતિએ અકળ કારણે ઝેર પી જીવ દીધોઃ યુવાન, આધેડ, મહિલા, વૃધ્ધના બેભાન હાલતમાં થયા મૃત્યુ



રાજકોટઃ વાહન અકસ્માત, આપઘાત, હાર્ટએટેક કે અન્ય કારણોસર અપમૃત્યુની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આવા વધુ સાત બનાવોમાં સાત લોકોની જિંદગી ખતમ થઇ ગઇ હતી. એક યુવાનનું કાર-ડમ્પરના અકસ્માતમાં, એક પ્રૌઢનું બાઇક સહિત કારની અડફેટે ચડી જવાથી મોત થયું હતું. એક યુવતિએ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. એક યુવાન, એક આધેડ અને એક મહિલાના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો મોરબીમાં લક્ષ્મીનગર ઓવરબ્રીજ નજીક ડમ્પરે ઇકો કારને ઉલાળી દેતાં કારના ચાલક અને અંદર મુસાફર તરીકે બેઠેલા યુવાનને ઇજા થતાં મોરબી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાંથી મુસાફર યુવાનને ગંભીર ઇજા પહોંચી હોઇ સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. પણ અહિ સારવાર દરમિયાન મોત થયુ .હતું. મોરબીમાં માળીયા રોડ પર અતીત પેપર મીલ પાસે રહેતો ચાલીસ વર્ષનો શિવઅવતાર માંગલીયાભાઇ વર્મા નામનો યુવાન બપોરે બે વાગ્યે ઇકો કારમાં બેસી મોરબી તરફ જતો હતો ત્યારે મોરબી લક્ષ્મીનગર ઓવરબ્રીજ ઉતરતાં કાર સાથે ડમ્પર અથડાતાં શિવઅવતાર અને કારના ચાલક વિનોદને ઇજાઓ થઇ હતી. બંનેને મોરબી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી શિવઅવતારને વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ આજે સવારે દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર શિવઅવતાર કુંવારો હતો અને ચારેક મહિનાથી યુપીથી અહિ મજુરી કરવા આવ્યો હતો. કારમાં બેસી મોરબી તરફ જતો હતો ત્યારે બનાવ બન્યો હતો.

વાહન અકસ્માતથી મૃત્યુની બીજી ઘટનામાં મેટોડા નજીક વધુ એક વખત જીવલેણ અકસ્માત સર્જાયો છે. રૈયા ગામમાં શ્યામલ વાટીકામાં રહેતાં અને મેટોડામાં પ્રાઇવેટ નોકરી કરતાં કરમશીભાઇ પરષોત્તમભાઇ મારવાણીયા નામના છપ્પન વર્ષના પ્રૌઢ ત્રણ દિવસ પહેલા બાઇક હંકારી નોકરી પુરી કરી મેટોડાથી રાજકોટ તરફ આવી રહ્યા હતાં ત્યારે મેટોડા નજીક બાલાજી સ્ટોર પાસે કારની ઠોકરે બાઇક ચડી જતાં તેમને ગંભીર ઇજા થઇ હતી. સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. વધુ વિગત મુજબ કરમશીભાઇને ગંભીર ઇજા થતાં પહેલા સિવિલ હોસ્પિટલમાં અને બાદમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ગત સાંજે અંતિમશ્વાસ લેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

મેટોડા પોલીસ મથકના એએસઆઇ સુરભીબેન કેશવાલા સહિતે હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે મૃતકના પુત્ર ભાવીકભાઇની ફરિયાદ પરથી કારચાલક સામે ગુનો નોંધ્યો હતો. મૃત્યુ પામનાર કરમશીભાઇ છ ભાઇ અને પાંચ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક પુત્ર છે જે સિવિલ હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતાં હોવાનું જણાવાયું હતું.

જ્યારે આપઘાતના બનાવમાં જામખંમાળીયાના બજાણા ગામે રહેતી અઢાર વર્ષની ભાવીશા રમેશગર અપારનાથી નામની યુવતિએ ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે ખંભાળીયા, જામનગર, રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં જામખંભાળીયા પોલીસે કારણ સહિતની વિગતો જાણવા તપાસ શરૂ કરી હતી. યુવાન દિકરીના મૃત્યુથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

બેભાન હાલતમાં મૃત્યુની ઘટનાઓ પર નજર કરીએ તો આજીડેમ ચોકડીથી આગળ માંડા ડુંગર નજીક ભીમરાવનગરમાં રહેતો ચોત્રીસ વર્ષનો મુકેશભાઇ વાઘાભાઇ કુકડીયા નામનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ગત રાતે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મુકેશભાઇ ત્રણ ભાઇમાં મોટો હતો અને અગાઉ કારખાનામાં મજૂરી કરતો હતો, જો કે છ વર્ષથી તે પથારીવશ હતો. સંતાનમાં એક પુત્રી છે.

સગાએ જણાવ્યું હતું કે મુકેશભાઇએ છ વર્ષ પહેલા સાપ કરડી ગયો હતો. એ પછી તે સતત કોમામાં હતો અને પથારીવશ હતો. ગઇકાલે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. પરંતુ તેને મૃત જાહેર કરાયો હતો.

જ્યારે ભક્તિનગર સ્ટેશન પ્લોટ પાસે દત્તાત્રેય હોસ્પિટલ નજીક રહેતાં ધર્મેશભાઇ સુંદરભાઇ પરમાર નામના છેતાલીસ વર્ષના આધેડ અને મોરબી રોડ મધુવન પાર્કના હંસાબેન મનિષભાઇ ત્રિવેદી નામના ત્રેપન વર્ષના મહિલા બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમને તબિબે મૃત જાહેર કરતાં સ્વજનોમાં શોક છવાઇ ગયો હતો. આ બનાવમાં એ-ડિવીઝન અને બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

તેમજ ચુનારાવાડ-૪/૫ના ખુણે જાહેર શૌચાલય પાસે એક વૃધ્ધ બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનુ મૃત્યુ થયું હતું. સારવારમાં હતાં ત્યારે પોતાનું નામ રાજુભાઇ કડીયા હોવાનું અને પાંસઠ વર્ષની ઉમર હોવાનું કહ્યું હતું. હાર્ટએટેક કે બિમારીથી મૃત્યુ થયાની શક્યતા જણાઇ હતી. થોરાળા પોલીસે આ અંગે જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસ પેટ્રોલીંગ કરે કે ન કરે પણ 'તસ્કરો' નિયમીત 'હાજરી' પુરાવી કરે છે રોજર-રોજર!

# બારી તોડી ઘુસેલો ચોર ૧૦.૮૧ લાખના દાગીના ચોરી ગયો

## કાચ તુટતાં ચોરટાને ઈજા પણ પહોંચીઃ દિવાનપરામાં થયેલી ૧૩ લાખ ૬૨ હજારની ચોરીનો ભેદ હજુ ખુલ્યો નથી ત્યાં એ-ડિવીઝન પોલીસને મળ્યો વધુ એક પડકાર

રાજકોટઃ રંગીલા મોજીલા મસ્તીલા રાજકોટમાં તસ્કરોને પણ લીલાલ્હેર હોય તેમ સતત ગમે ત્યારે ગમે ત્યાં ત્રાટકતા રહે છે. પોલીસ માંડ એકાદ બે આવા ગુનાઓનો ભેદ ઉકેલી રાહતનો દમ લેતી હોય છે ત્યાં તસ્કરીયાઓ પોતાની નવી 'કામગીરી' થકી હાજરી પુરાવી રોજર રોજરનો સંદેશો આપી દેતાં હોય છે. લાખોની મત્તાની ચોરીની વધુ એક ઘટના ઘટી છે અને પોલીસને વધુ એક વખત પડકાર મળ્યો છે. શહેરના જવાહર રોડ પર ગેલેક્સી હોટેલ સામે આવેલા કોમ્પલેક્ષમાં સોનાના દાગીનાનો વેપાર કરતાં વેપારી ભાગીદારની ઓફિસમાં કાચની બારી તોડીને ઘુસેલો તસ્કર પાંચથી સાત મિનીટમાં જ ડ્રોઅરમાંથી રોકડ, દાગીના મળી દસ લાખ એક્યાસી હજારની માલમત્તા ઉસેડી ભાગી જતાં પોલીસે તેને શોધવા દોડધામ શરૂ કરી છે. આ તસ્કર સીસીટીવી કેમેરામાં પણ કેદ થઇ ગયો છે.

ચોરીની ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બારમાં જામનગર રોડ પુનિતનગર-૨ શેરી નં. ૪માં શિવમ્ ખાતે રહેતાં ધવલભાઇ અશોકભાઇ નાગર નામના પાંત્રીસ વર્ષિય વેપારીએ એ-ડિવીઝન પોલીસને જાણ કરતાં તેમની ફરિયાદ પરથી ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે તપાસ કરતાં એક ટોપીવાળો તસ્કર સીસીટીવી





અગાસીએથી દોરડુ બાંધી ચોથા માળની બારીના છજે આવી ત્યાંથી ચોર કાચ તોડી અંદર ઘુસી નિરાતે હાથફેરો કરી ગયો

કેમેરામાં કેદ થયો હોઇ તેના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ધવલભાઇ નાગરે જણાવ્યું હતુ કે હું પરિવાર સાથે રહુ છું અને જવાહ રરોડ પર ગેલેક્સી હોટેલ સામે આવેલા મારૂતિ કોમ્પલેક્ષમાં ઓફિસ નં. ૪૧૨માં મીના ગોલ્ડ બાયર નામે ઓફિસ રાખી તેમાં સોનાના દાગીનાનો વેપાર કરુ છું. મારા ભાગીદાર તરીકે ઉપેન્દ્રસિંહ મહિપતસિંહ જોજા છે. અમારી આ ભાગીદારી છથી સાત વર્ષથી છે. ધવલભાઇએ વધુમાં જણાવ્યું હતું કે પંદરમીએ સાંજે આઠેક વાગ્યે હું ઓફિસનું કામ પતાવી ઓફિસ બંધ કરી ઘરે જવા નીકળ્યો હતો. સોળમીએ રવિવાર હોવાથી ઓફિસ બંધ રાખી હતી. સત્તરમીએ સોમવારે સવારે પોણા દસેક વાગ્યે રાબેતા મુજબ ઓફિસે આવ્યો હતો અને તાળા ખોલી અંદર જતાં સામેની દિવાલમાં આવેલી બારીનો કાચ તૂટેલો જોવા મળ્યો હતો.

તેમજ બારી પાસે જઇને જોતાં કાચના ટુકડા પણ તૂટેલા હતાં. તેમજ બારી અને દિવાલમાં તથા બેસવાની ખુરશીમાં લોહીના ડાઘા જોવામ ળ્યા હતાં. મેં અમારી ઓફિસના ટેબલના ડ્રોઅરમાં સોના-ચાંદીના દાગીના રાખ્યા હતાં તે ગાયબ હતાં. તેમજ રોકડા રૂપિયા ૭૦ હજાર રાખ્યા હતાં તે પણ જોવા મળ્યા નહોતાં. કુલ રૂા. ૧૦,૧૧,૦૦૦ના સોનાના દાગીના અને રોકડા ૭૦ હજાર મળી રૂા. ૧૦,૮૧,૦૦૦ની માલમત્તાની ચોરી થઇ ગયાનું જણાતાં મેં મારા ભાગીદાર ઉપેન્દ્રસિંહ જાડેજાને જાણ કરતાં તે પણ ઓફિસે આવી ગયા હતાં. અમે તપાસ કરી સીસીટીવી કેમેરા ચેક કરતાં રાતે ૧:૩૧ કલાકે એક ટોપી પહેરેલો લાંબા વાળ ધરાવતો અને આછી દાઢી મુછવાળો શખ્સ હાથમાં મોબાઇલ ફોન લઇને ઓફિસમાં ઘુસતો દેખાયો હતો. જે દસેક મિનીટ બાદ ચોરી કરી પરત જતો રહ્યો હતો.

ત્યારપછી અમે તુરત પોલીસને જાણ કરી હતી. એ-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટ અને ડી. સ્ટાફની ટીમે એફએસએલ ડોગ સ્ક્વોડ સાથે પહોંચી કાર્યવાહી કરી હતી. એલસીબી, ડીસીબીની ટીમોએ પણ તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં ચોર રેકી કર્યા બાદ અગાસી પર ગયો હતો અને પાંચમા માળની અગાસીએથી દોરડા મારફત ચોથા માળે ધવલભાઇની ઓફિસની બારીના છજા પર આવી ત્યાંથી કાચ તોડી અંદર ઘુસ્યો હતો. બારીમાં ગ્રીલ ન હોવાથી ચોરને સરળતા થઇ ગઇ હતી. સીસીટીવી ફૂટેજને આધારે ચોરને દબોચી લેવા ટીમો કામે લાગી છે.

શહેરમાં અગાઉ પણ લાખોની મત્તાની ચોરીઓ આ રીતે થઇ ચુકી છે. થોડા દિવસો પહેલા દિવાનપરામાં સાડીના વેપારીની દૂકાનમાં પણ અગાસી પરથી ત્રાટકેલો ચોર લાખોની રોકડ ચોરી ગયો હતો. આ ગુનાનો ભેદ હજુ અકબંધ છે ત્યાં એ-ડિવીઝન વિસ્તારમાં જ વધુ એક લાખોની ચોરી કરી તસ્કર પડકાર ફેંકી ગયો છે. ઉલ્લેખનીય છે કે ગત દસમી માર્ચના રોજ શહેરના દિવાનપરા મેઇન રોડ પર મનાલી ટેક્સટાઇલ નામની સાડીની દુકાનમાં ત્રાટકી તસ્કરો રોકડ દાગીના મળી તસ્કરો તેર લાખ બાંસઠ હજારની રોકડ ઉસેડી ગયા હતાં. તેમાં ચોર અગાસીના ભાગેથી દુકાનમાં ઘુસ્યા હતાં. આ બારામાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર ગિરીરાજ હોસ્પિટલ પાછળ નવજ્યોત પાર્ક-૪, શ્રીનાથજી કૃપા ખાતે રહેતાં વેપારી શશીકાંતભાઇ ગોપાલભાઇ રાયઠઠ્ઠા નામના વેપારીની ફરિયાદ પરથી એ-ડિવીઝન પોલીસે ગુનો નોંધ્યો હતો. તેની તપાસ હજુ ચાલુ છે ત્યાં વધુ લાખોની ચોરીનો બનાવ બની ગયો છે.

રાજ્યભરમાં ગુનેગારોને સીધાદોર કરવાના ગૃહભિગાગના આદેશને પગલે પોલીસ એક્શન મોડમાં

# ગુનેગારો સખણા નહિ રહે તો મળશે ધોકાની પ્રસાદીઃ રાજકોટ પોલીસ તૈયાર

## રાજકોટ શહેરમાં ત્રણ કલાક સુધી અલગ અલગ વિસ્તારોમાં ચેકીંગ થયુંઃ ગમે ત્યારે પોલીસ ત્રાટકશેઃ ક્રાઇમ બ્રાંચે ફરિયાદ નોંધાવવા માટે ખાસ વ્હોટ્સએપ નંબર જાહેર કર્યા



વ્હોટ્સએપ નંબર-૬૩૫૯૬ ૨૯૮૯૬ ઉપર ક્રાઇમ બ્રાંચને સીધી ફરિયાદ કરી શકાશે

રાજકોટઃ રાજ્યભરમાં અવાર-નવાર અમુક છાપેલા કાટલા જેવા ગુનેગારોને ખાખીનો રંગ બતાવવા ગૃહ વિભાગે આદેશ કરતાં રાજ્યભરની પોલીસ મેદાનમાં આવી ગઇ છે અને ગુનેગારોને સીધા કરવા કકડ કાર્યવાહી આરંભી દીધી છે. અલગ અલગ શહેરમાં થઇ રહેલી આવી કામગીરીના વિડીયો, તસ્વીરો, સમાચારો સતત સામે આવી રહ્યા હોઇ ગુનાખોરીમાં રચ્યા પચ્યા રહેનારા શખ્સો ભોંભીતર થવા માંડયા છે. રાજકોટ પોલીસ પણ એક્શન મોડમાં આવી ગઇ છે. પોલીસ પર હુમલો કરનારા ભાણુને પકડીને કુણો કરી દેવાયાના વિડીયો, તસ્વીરો શહેરીજનોએ નિહાળી પોલીસની પ્રસંશા કરી હતી. દરમિયાન શહેર એસઓજી અને શહેર ક્રાઇમ બ્રાંચની ટીમોએ અચાનક પેટ્રોલીંગ શરૂ કરી છાપેલાકાટલાઓને સમજી જવા, સખણા રહેવા અન્યથા ધોકાની પ્રસાદી ખાવા તૈયારી રાખવા કડક સુચના આપી હતી. આ ઉપરાંત ક્રાઇમ બ્રાંચે તો લુખ્ખાઓ, અસામાજીકો વિરૂધ્ધ અને ગુનાખોરી આચરનારા, ગેરકાયદે પ્રવૃતિ કરનારા વિરૂધ્ધ ફરિયાદ કરવા જાહેરજનતા માટે ખાસ વ્હોટસએપ નંબર જાહેર કર્યો છે. જેમાં કોઇપણ વ્યક્તિ કનડગતની કે ગુનાખોરીને લગતી ફરિયાદ ડાયરેક્ટ કરી શકે છે.

રાજ્યભરમાં છેલ્લા કેટલાક સમયથી ગુનેગારો, છાપેલા કાટલાઓને પોલીસનો ડર રહ્યો ન હોય એ રીતે ઘટનાને અંજામ આપતાં હતાં. આવા શખ્સોને સીધા કરવા અને પ્રજાજનોમાં શાંતિનો માહોલ ખાખીનો પરચો દેખાડવા રાજયના ગૃહ વિભાગ દ્વારા સુચના મળી હોઇ રાજ્યભરથી પોલીસ કડક કાર્યવાહીમાં લાગી ગઇ છે. આ અંતર્ગત ગત રાતે ત્રણ કલાક સુધી શહેર ક્રાઇમ બ્રાંચ અને એસઓજીએ સંયુક્ત રીતે શહેરના રૈયાધાર, ભગવતીપરા, જંગલેશ્વર, ભગવતીપરામાં ફૂટ પેટ્રોલીંગ કર્યુ હતું અને અગાઉ ડ્રગ્સ, દારૂ, આર્મ્સ એક્ટ સહિતના ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકેલા શખ્સોને ચેક કર્યા હતાં. તેમજ વાહન ચેકીંગ કરી ડ્રીંક એન્ડ ડ્રાઇવના કેસ કર્યા હતાં. કાળા કાચવાળી કાર લઇને નીકળનારા સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમા ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત ક્રાઇમ બ્રાંચ પીઆઇ એમ. આર. ગોંડલીયા, એસઓજી પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, એન. વી. હરિયાણી, ક્રાઇમ બ્રાંચના સી. એચ. જાદવ, એમ. એલ. ડામોર અને તેમની ટીમોએ કોમ્બીંગ અને ફૂટ પેટ્રોલીંગ કર્યુ હતું. આગામી દિવસોમાં પણ પોલીસ આ રીતે અચાનક પોલીસ પેટ્રોલીંગ, ચેકીંગ ઝુંબેશ હાથ ધરશે.

બીજી તરફ શહેર ક્રાઇમ બ્રાંચે રાજકોટવાસીઓ માટે ખાસ વ્હોટ્સએપ નંબર જાહેર કર્યો છે. જેના પર કોઇપણ નગરજન લુખ્ખાગીરી, ગુંડાગીરીને લગતી કે કોઇના દ્વારા થતી કનડગતની કે પછી ગેરકાયદેસર પ્રવૃતિને લગતી ફરિયાદ ડાયરેક્ટ કરી શકશે. આ વ્હોટ્સએપ નંબર-૬૩૫૯૬ ૨૯૮૯૬ છે. આ નંબર પર ફરિયાદ કરનારા, માહિતી આપનારા નાગરિકના નામ-નંબર-ઓળખ ગુપ્ત રખાશે અને અમુક કેસમાં યોગ્ય ઇનામ પણ આપવામાં આવશે. તેમ જણાવાયું છે.

# કેબીનેટ મંત્રી ભાનુબેન સ્વસ્થ થઈને પહોંચ્યા વિધાનસભામાં

## સત્રમાં આપી હાજરી : એ પહેલા મુખ્યમંત્રીને પણ મળ્યા





રાજકોટ મિરર, તા.૧૮

રાજ્યના કેબીનેટ મંત્રી ફેબ્રુઆરી મહિનામાં ગાંધીનગર સ્થિત નિવાસે તાપણું કરતા અકસ્માતે દાઝી જતા તેઓને અમદાવાદની હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જરૂરી સારવાર ત્વરિત મળી જતા તેઓએ રાહત અનુભવી હતી પણ તબીબોની સલાહ પ્રમાણે તેઓને આરામની જરૂરત પડતા તેઓ અત્યાર સુધી ફરજ પરત્વે લોકોથી દૂર થયા હતા અને વિધાનસભા સત્રમાં પણ હાજરી આપી શક્યા નહોતા. પણ હવે આરામ કરીને એકદમ સ્વસ્થ બનતા આજે તેઓએ ગાંધીનગર ખાતે વિધાનસભાના સત્રમાં પહોંચ્યા હતા. તેઓ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ મળ્યા હતા તે પ્રસ્તુત તસવીરોમાં દેખાય છે.

# બહેનના પ્રેમીને પતાવી દેનાર દિલીપ ડાંગરને ઝડપી લેવાયો

## SP હિમકરસિંહ અને ગોંડલના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળની તપાસ દરમિયાન શાપર(વેરાવળ)પોલીસને સફળતા

રાજકોટ મિરર, તા.૧૮

શાપર(વેરાવળ)નજીકના પારડીના પુલ પાસે પ્રેમ સંબંધ મામલે થયેલી પ્રેમીની હત્યા કરનાર આરોપીને શાપર(વેરાવળ)પોલીસે દબોચી લઈને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ દિલીપભાઈ હીરાભાઈ મકવાણાના પુત્ર રવિ સાથે પ્રજ્ઞા ઉર્ફે પૂજાને પ્રેમસંબંધ હોવાથી બંને સાથે રહેતા હતા. દરમિયાન બંને પ્રેમીઓને જાનથી મારી નાખવાની ધમકી મળતા શાપર(વેરાવળ)પોલીસમાં ગુન્હો નોંધાયો હતો. બીજીબાજુ તા. ૧૫.૦૩.૨૦૨૫ ના બપોરના ૪-૧૦ વાગ્યાની આસપાસ પારડી ગામના પુલ પાસે, નેશનલ હાઈવે પર તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકીને રવિને મોતને ઘાટ ઉતારીને અજાણ્યો શખ્સ નાસી ગયાની તપાસ ગોંડલના નાયબ પો.અધિક્ષક કે.જી. ઝાલાને સોંપાઈ હતી.

દરમિયાન રાજકોટના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, એસપી હીમકરસિંહ દ્વારા આરોપીને તાત્કાલિક પકડી પાડવા સુચના અપાઈ હતી. જેના અનુસંધાને ગોંડલના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલાના સિધા માર્ગદર્શન હેઠળ પીઆઈ આર.બી. રાણા દ્વારા અલગ અલગ ટીમો બનાવી બનાવવાળી જગ્યાના એન્ટ્રી-



એક્ઝીટ પોઇન્ટના સી.સી.ટી.વી. કેમેરા તપાસી તેમજ ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન ઇન્ટેલીજન્સ આધારે તપાસ કરતા આરોપી સુધી પહોચીને દિલીપ ઉર્ફે ભાણો રામભાઇ દેશાભાઇ ડાંગર ઉ.વ.૩૦ (રહે.પાળ પીપળીયા ગામની સીમ શાપરથી પાળ પીપળીયા જતો રોડ આનંદ રેસીડેન્સી ગોપાલભાઇના મકાનમાં ભાડેથી તા.લોધીકા મુળ ગામ-વાડાસડા તા.માણાવદર જી.જુનાગઢ)ને દબોચી લેવાયો છે.

પ્રેમી યુવાની હત્યા કરનાર ભાણાને ઝડપી લેવામાં શાપર વેરાવળ પોલીસના પીઆઈ આર.બી.રાણા, પીએસઆઈ વી.જી.જેઠવા, એ.એસ.આઇ ભુપેન્દ્રભાઇ સોલંકી, વિરભદ્રસિંહ વાઘેલા, પો.હેડ કોન્સ. ક્રિપાલસિંહ રાણા, મહેન્દ્રભાઇ ધાધલ, તુષારસિંહ જાડેજા, જયદીપસિંહ વાઘેલા, ઉપેન્દ્રસિંહ ગોહિલ, પોલીસ કોન્સ. અલ્પેશભાઇ ડામસીયા, પીયુષભાઇ અઘેરા, લગધીરસિંહ જાડેજા, નીલેષભાઇ ડાભી, ના.પો.અધિ. ગોંડલના એ.એસ.આઇ. ઘનશ્યામસિંહ જાડેજા,હેડ કોન્સ. રાજેન્દ્રસિંહ ગોહિલ વિગેરેએ કાર્યવાહી કરી હતી.

# ગોંડલ માર્કેટ યાર્ડમાં ઘઉંના ૧.૨૫ લાખ, ચણાની ૭૦ હજાર કટ્ટાની આવક

## પુષ્કળ આવકને લીધે ઘઉં, ચણાની આવક કરાઈ બંધ





ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની આવક શરૂ કરવામાં આવી હતી. આવક શરૂ કરતા જ હાઈવે પર વાહનો ની ૭ થી ૮ કીમી લાંબી લાઈનો લાગી હતી.

યાર્ડના ડિરેક્ટર પ્રફુલભાઈ ટોળીયાએ જણાવ્યું હતું કે ઘઉંની આશરે ૧.૨૫ લાખ કટ્ટા જેવી માતબર આવક થઇ હતી જે આ સિઝનની રેકોર્ડબ્રેક આવક હતી.

તેઓએ જણાવ્યું હતું કે સૌરાષ્ટના જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી સહિતના જિલ્લાઓમાંથી ખેડૂતો ઘઉં લઈને આવ્યા હતા. ખેડૂતોને ૨૦ કિગ્રાના ૪૭૦ થી ૭૦૦ સુધીના ભાવ મળ્યા હતા. જ્યારે ચણાની આવક ૭૦ હજાર કટ્ટાની થઇ હતી. ખેડૂતોને સફેદ ચણા ૨૦ કિગ્રા ના ૧૦૦૦ થી ૧૯૦૦ સુધી અને દેશી ચણા ૯૦૦ થી ૧૦૫૦ સુધીના બજાર ભાવ મળ્યા હતા. બીજી જાહેરાત ન થાય ત્યાં સુધી ઘઉં અને ચણાની આવક બંધ કરાઈ હોવાનું ખેડૂતોએ ધ્યાને લેવા યાર્ડના સતાધીશો દ્વારા અનુરોધ કરાયો છે.

નાનો ભાઇ ચાર વર્ષથી બોકડો સાચવતો હતો, હવે મોટાને સાચવવાનું કહેતાં મગજમારી થઇ ગઇ ને ધોકા, છરી, પાણકાના ઘા થયા

# માતાજીના બોકડાને કારણે સશસ્ત્ર બબાલઃ ૪ જણા લોહીલુહાણ

## બે સગા ભાઇઓના પરિવારો વચ્ચે થયો ડખ્ખોઃ દંપતિ, મા-દિકરો ઘવાયાઃ દિયર-ભોજાઇની એક બીજા વિરૂધ્ધ સામસામી એફઆઇઆર

રાજકોટઃ મારામારી કરવા પાછળ અલગ અલગ અને ક્યારેક નહિ જેવા કારણો સામે આવતા હોય છે. કોણ ક્યારે કયા કારણોસર બાખડી પડે તે કહી શકાતું નથી. દરમિયાન રૈયાધાર મફતીયાપરા ચારબાઇના મંદિર પાસે રહેતાં બે સગા ભાઇઓના પરિવારો વચ્ચે માતાજીના બોકડાને સાચવવા મામલે ધોકા, છરી, પાણકાથી મારામારી થતાં દિયર-ભોજાઇ સહિત ચારને ઇજાઓ થઇ હતી. પોલીસે સામ-સામે ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરી હતી.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો રૈયાધાર ચારબાઇ માતાના મંદિર પાસે રહેતાં અને બકાલનો ધંધો કરતાં તેતાલીસ વર્ષના ગિરીશભાઇ જયંતિભાઇ દેત્રોજાની ફરિયાદ પરથી પોલીસે તેણીના ભાભી રૈયાધાર ચાર માળીયા ક્વાર્ટરમાં રહેતાં ચંદ્રિકાબેન અશ્વીનભાઇ દેત્રોજા અને ભત્રીજા



રવિ અશ્વીનભાઇ દેત્રોજા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ગિરીશભાઇએ જણાવ્યું હતુ કે અમે ચાર ભાઇઓ છીએ. જેમાં નાનો અશ્વીન નજીકમાં ચાર માળીયામાં રહે છે. હું અને મારો મોટો ભાઇ અશ્વીન સોમવારે ભેગા થયા હતાં.

આ વખતે મારી પાસે ચારેક વર્ષથી માતાજીના બોકડા હોય તે હું સાચવતો હોઇ હવે આ બોકડાને મારા ભાઇ સાચવે તેવી વાત મેં કરી હતી. પણ તેણે બોકડા સાચવવાની ના પાડી દીધી હતી. બાદમાં રાતે હું મારા ઘરે આવ્યો ત્યારે મારા ભાભી ચંદ્રીકાબેન, ભત્રીજો રવિ આવ્યા હતાં અને અમે આ માતાજીના બોકડાને રાખશું નહિ, તમે જ સાચવો તેમ કહેતાં અમે તેને સમજાવતાં હતાં ત્યારે આ બંનેએ ઝઘડો કરી લાકડીથી હુમલો કરતાં મને માથા, કપાળે અને વચ્ચે પડનારા મારા પત્નિ રજુબેનને કપાળે ઇજા થઇ હતી. તેમજ મારો દિકરો વચ્ચે પડતાં અમને વધુ મારથી બચાવ્યા હતાં.

ત્યારબાદ ભાભીએ મારા પત્નિને પાણાના ઘા પણ મારી લીધા હતાં. જેથી ઇજા થતાં અમે ૧૦૮ બોલાવી સારવાર માટે ગયા હતાં. મને કપાળે ત્રણ ટાંકા અને માથા પાછળ ચાર ટાંકા તથા મારા પત્નિને કપાળે છ ટાંકા આવ્યા હતાં. હું માતાજીના બે બોકડા ચાર વર્ષથી સાચવુ છું, હવે આ બોકડા મારા મોટા ભાઇને સાચવવાનું કહેતાં બોલાચાલી થતાં હુમલો થયો હતો. આ બનાવમાં સામા પક્ષે યુનિવર્સિટી પોલીસે રૈયાધાર ચાર માળીયા ક્વાર્ટર બી-૧૩માં રહેતાં ચાલીસ વર્ષના ચંદ્રીકાબેન અશ્વીનભાઇ દેત્રોજાની ફરિયાદ પરથી બાજુમાં રહેતાં દિયર ગિરીશ જેન્તીભાઇ દેત્રોજા તથા ભત્રીજા પ્રેમ ગિરીશભાઇ દેત્રોજા વિરૂધ્ધ પણ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી. ચંદ્રીકાબેને જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મારા પતિ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. મારા દિયર ગિરીશએ મારા ઘરે આવી મારી દિકરીઓને બોકડા બાબતે બોલાચાલી કરી હતી. બાદમાં રાતે ફરીથી હું અને મારો દિકરો રવિ મારા દિયરને સમજાવવા ગયેલા કે માતાજીના બોકડા હોય તમે સાચવો.

આથી મારો દિયર ઉશ્કેરાઇ ગયો હતો અને મારો ભત્રીજો પણ આવી ગયો હતો. ત્યારબાદ ભત્રીજો અમને મા-દિકરાને ગાળો દેવા માંડ્યો હતો અને કહેલુ કે અમે આ બોકડાને ઘણા સમયથી સાચવીએ છીએ, હવે તમારે જ સાચવવો પડશે તેમ કહી ઝઘડો કર્યો હતો. પ્રેમે છરી કાઢી મને ડાબા અગુઠા પર મારી દીધી હતી. મારો દિકરો વચ્ચે આવી જતાં તેને ધમકી આપી હતી કે જો બોકડાને નહિ સાચવો તો જાનથી મારી નાખશું. અમે રાડો પાડતાં મારી દિકરીઓ આવી જતાં અમને વધુ મારથી છોડાવ્યા હતાં અને ૧૦૮ બોલાવી હોસ્પિટલે પહોંચ્યા હતાં. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ એન. આર. રાઠોડે બંને એફઆઇઆર દાખલ કરી વિશેષ તપાસ શરૂ કરી હતી.

# ડોલરરાય માંકડનું શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે પ્રદાન' વિષય પર યોજાયો રાષ્ટ્રિય પરિસંવાદ











ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ લેન્ગવેજ ટિચિંગ રાજકોટના સંયુક્ત ઉપક્રમે પરિસંવાદનું થયું આયોજન

રાજકોટ મિરર, તા.૧૮

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને ઇન્સ્ટિટટ્યૂટ ઑફ લેન્ગવેજ ટિચિંગ રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'ડોલરરાય માંકડનું શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે પ્રદાન' વિષય પર તા.૧૬/૦૩/૨૦૨૫ ને રવિવારના રોજ એક દિવસીય રાષ્ટ્રિય પરિસંવાદનું આયોજન કરવામા આવ્યું હતું. પ્રિન્સિપાલ ડો.નિદત્ત બારોટનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

આ પરિસંવાદનો મુખ્ય હેતુ બી.એડ.ના તાલીમાર્થીઓ, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો લેખક, સંશોધક, વિવેચક, શિક્ષણવિદ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ અને સૌરાષ્ટ્ર હાઇસ્કુલ, રાજકોટના વિદ્યાર્થી એવા ડોલરરાય માંકડના જીવન-કવનથી પરિચિત થાય. આ પરિસંવાદમા મોટી સંખ્યામાં અધ્યાપકો, પીએચ.ડી. સ્કોલર્સ તેમજ બી.એડ.ના વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. પરિસંવાદના મહેમાનો તરીકે સૌરાષ્ટ્ર હાઇસ્કુલ ટ્રસ્ટના પ્રમુખ ભદ્રાયુ વછરાજાની, ભાજપના પૂર્વ પ્રમુખ અને સૌરાષ્ટ્ર હાઇસ્કુલ ટ્રસ્ટના ટ્રસ્ટી મુકેશ દોશી, હરદેવસિંહ જાડેજા, સાહિત્યકાર હરેશ ધોળકિયા, ફુલછાબ દૈનિકના તંત્રી જ્વલંત છાયા, કવિ આર. પી. જોશી ઉપસ્થિત રહ્યાં હતાં.

જાણીતા લેખક અને સૌરાષ્ટ્ર હાઇસ્કુલ ટ્રસ્ટના પ્રમુખ ભદ્રાયુ વછરાજાનીએ આ પરિસંવાદના ઉદ્દઘાટક તરીકે સક્રિય ઉપસ્થિતિ નોંધાવી હતી. સાહિત્યકાર, ચિંતક અને વક્તા હરેશ ધોળકિયાએ પ્રથમ બેઠકમાં પરિસંવાદ સંદર્ભે ડોલરરાય માંકડના જીવન-કવન વિશે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. બીજી બેઠકમાં જ્વલંત છાયાએ ડોલરરાય માંકડના જીવન-કવન સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતાં. અંતિમ સત્રમાં પરિસંવાદમાં સહભાગી અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ 'ડોલરરાય માંકડનું શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે પ્રદાન' વિષય પર પોતાના શોધ પત્રો રજૂ કર્યાં હતાં. પરિસંવાદના અંતે તમામ સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. ઇન્સ્ટિટટ્યૂટ ઑફ લેન્ગવેજ ટિચિંગ રાજકોટના સેમ-૨ ના તાલીમાર્થીઓ નરેશ રાઠોડ અને વિશ્વા ચૌહાણે સમગ્ર પરિસંવાદનું સંચાલન કર્યું હતું. કિશન તેમજ ધવલ દ્વારા સમગ્ર કાર્યક્રમની ફોટોગ્રાફી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડીજીટલ રજિસ્ટ્રેશન અને ડીજીટલ ફીડબેકના ઉપયોગ દ્વારા પરિસંવાદ વધુમાં વધું પેપરલેસ બને તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અન્ય તાલીમાર્થીઓને પ્રેરણા મળે તે હેતુથી ઈન્સ્ટિટ્યૂટ ઑફ લેન્ગવેજ ટિચિંગ બી.એડ. કોલેજનાં તાલીમાર્થીઓ કે જેઓ સીટીઈટી પરીક્ષામાં ઉતિર્ણ હોય, નિયમિત હાજરી હોય, પરીક્ષામાં કોલેજ પ્રથમ હોય તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગિદારી નોંધાવી હોય તેવા તાલીમાર્થીઓની ખાસ નોંધ લઇ પરિસંવાદના મુખ્ય મહેમાનોના સ્વાગત માટે તેઓને તક આપવામાં આવી હતી.

પ્રિન્સિપાલ ડો. નિદત્ત બારોટનાં સચોટ માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ પરિસંવાદના કો-ઓર્ડિનેટર ડો. હિમાંશુ આચાર્ય, સહ સંયોજક જ્યોતિબેન તડવી અને દીપિકાબેન પટેલ તેમજ ડો.નેહલ શીંગાળા, ડો. દક્ષા ડાંગર, ડો. સ્મિતા ગઢવી, ડો. તરન્નુમ બુખારી તેમજ સેમ-૨ ના તાલીમાર્થી રાઠોડ નરેશ, ચૌહાણ વિશ્વા, જોગેલ કલ્પના, ચોમલ ક્રિષ્ના, સોલંકી એક્તા, વાઘેલા ધવલ, ખેર અમન, આહિર ભારતી, કરોતરા કિશન, કારવડિયા ભાવિક, ગોહીલ મુસ્કાન, સપા ઈરફાના, મકવાણા રવિના, વીભાણી એક્તા, ચલા ગોપી, કાપડી રીશિતા, ઝાલા ક્રિષ્નારાજ, ચૌહાણ શ્રુતિ, સેમ-૪ ના પઠાણ અનીશા, ભટ્ટી કૃણાલ, રાઠોડ આશા, મેઘનાર્થી નિધિ, મેઘનાર્થી દેવલ, દેવમોરારી અશ્વિની, મુરજાની જયશ્રી, ગાગીયા કાજલ, કોડીવાર સુજાના, સોલંકી કોમલ, બારવાડિયા જય, બેચરા સ્વીટી, મહેતા નિધિ, વડાલિયા સોહમ, ચરોલિયા તાજમીન, ડાભી યુવરાજ, ખોડભાયા દિપક, ઝાપડિયા વિશાલ, ખીમસુરીયા ઈશિતા તમામ તાલીમાર્થીઓના સહકાર, હકારાત્મક અભિગમ અને સહિયારા પ્રયાસથી આ પરિસંવાદનું આયોજન સફળ રહ્યું હતું. આ પરિસંવાદની ફલશ્રુતિ એ રહી કે આપણા પોતાના પ્રતિભાશાળી ડોલરરાય માંકડના જીવન-કવનથી સુપેરે પરિચિત થવાની તમામ સહભાગીઓને તક મળી હતી. ઈન્સ્ટિટટ્યૂટ ઑફ લેન્ગવેજ ટિચિંગ રાજકોટને આ પરિસંવાદ યોજવા માટેની તક આપવા બદલ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશ જાહ, તેમજ મહામાત્ર ડો.જયેન્દ્રસિંહ જાદવ તેમજ કાર્યક્રમને સફળ બનાવવા માટે પરિસંવાદમાં ઉપસ્થિત તમામ મહેમાનો અને સહભાગીઓ માટે આચાર્ય ડો. નિદત્ત બારોટ, કો-ઓર્ડિનેટર ડો. હિમાંશુ આચાર્ય તેમજ સમગ્ર સ્ટાફે આ તકે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ચેક રીર્ટન કેસમાં આરોપીને ૨૧ મહિનાની સજા

## મૌલિક મેટલના પ્રોપરાઈટર મૌલિક નશીતને સજા ફટકારતી કોર્ટ

રાજકોટ મિરર, તા.૧૮

પારિવારિક સંબંધોના દાવે ઉછીના અપાયેલા રૂ. ૩૫ લાખ સામે અપાયેલો ચેક રીટર્ન થતા મૌલિક મેટલના મૌલિક નીશીત સામે શ્રેયાંસ વલ્લભભાઈ નશીતએ કોર્ટમાં નોંધાવેલી ફરિયાદનો ચાર વર્ષે ચુકાદો આવ્યો છે. જેમાં મૌલિક નાશીતને ૨૧ મહિનાની કોર્ટે સજા ફટકારી વળતર ચુકવવા હુકમ કર્યો છે.



એડવોકેટ
અર્જુન એસ. પટેલ

મોલિક જયેશભાઈ નશીતના જુના મિત્ર થતાં હોય અને બંને વચ્ચે પારીવારીક સંબંધો હોય તેના ધંધાના વિકાસ અર્થે નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં ફરીયાદી પાસે આર્થિક મદદની માંગણી કરતાં ફરીયાદીએ અલગ અલગ તારીખોએ રોકડા તેમજ બેંક મારફત આર.ટી.જી.એસ.થી કુલ રકમ રમ. ૩૫,૦૦,૦૦૦/- આપી હતી. અને આટલી રકમ સામે ફરીયાદીને તા.૨૩/૦૩/૨૦૨૧ ના કોઈ વહેવારુ જવાબ ન આપતા કે પૈસા ચુકવવા કોઈ દરકાર લીધી ન હતી. પૈસા ચુકવવા નોટીસ પાઠવાઈ હોવા છતાં કોઈ જવાબ ન આપીને આરોપીએ બેદરકારી દાખવી હતી.

જેથી ફરીયાદી શ્રેયાંસ વલ્લભભાઈ નશીતનાઓએ તેમના એડવોકેટ અર્જુન એસ. પટેલ મારફતે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ નામદાર કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે ફરીયાદ ચાલી જતાં આ કામના ફરીયાદ પક્ષની રજુઆત ધ્યાને લઈને રાજકોટના ૧૧માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટએ આરોપી મોલિક જયેશભાઈ નશીતને તકસીરવાન ઠરાવી એક વર્ષ અને નવ માસની સજા અને ફરીયાદીને વળતર પેટે રૂ. ૩૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંત્રીશ લાખ પુરા દિન-૨૦ માં ચુકવવાનો હુકમ કર્યો છે. અને આરોપી વળતરની રકમ ચુકવવામાંકસુર કરે તો આરોપીએ વધુ છ માસની સજા ભોગવવાનો હુકમ થયો છે. ફરીયાદી વતી એડવોકેટ તરીકે રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ.પાનસુરીયા અને આકાંક્ષા એચ. રાજદેવ રોકાયા હતા.

પારિવારિક કારણોસર રાજીનામું ધર્યું હોવાનું જણાવતા પાલિકા પ્રમુખ

# ધોરાજી નગર પાલિકાના પ્રમુખનું અચાનક રાજીનામું ?

રાજકોટ મીરર, તા.૧૮

તાજેતરમાં જ ધોરાજી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપએ મહત્તમ બેઠકો કબજે કરીને પાલિકામાં શાસન સ્થાપ્યું હતું. દરમિયાન નગરપાલિકાના પ્રમુખ તરીકે ભાજપના સમર્થકોએ વાજતે ગાજતે સંગીતાબેન બારોટને બેસાડ્યા હતા. અને શહેરમાં વિકાસના કાર્યોની આશા સેવી હતી.

પરંતુ અંગત પારિવારિક કારણોસર આજે સંગીતાબેને પોતાના પદ પરથી રાજીનામું આપી દેતા શહેરભરમાં તરેહ તરેહની ચર્ચાઓ જાગી છે.

જાણકારોમાં કહેવાય છે કે પ્રદેશ ભાજપ સંગઠનમાંથી છૂટેલા આદેશો બાદ ધોરાજી નગરપાલિકા પ્રમુખે રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. પરંતુ સત્ય રામ જાણે.



રૂ. ૧.૬૦ કરોડથી વધુના એલ્યુમીનીયમ ભરેલા બે ટ્રક વેચી મારવાના કૌભાંડમાં

# વાંકાનેરના બે શખ્સના નામ ખૂલતા ઉત્તરપ્રદેશ પોલીસના રાજકોટમાં ધામા

## ભક્તિનગર પોલીસે યુપીની પોલીસની મદદ કરી વાંકાનેર પહોચી પણ આરોપીઓ હાથ ન લાગ્યા : આરોપીના ઘરે કોર્ટમાં હાજર થવાનું જાહેરનામું ચિપકાવી શોધખોળ કરતી પોલીસ







રાજકોટ, તા.૧૮

ઉત્તરપ્રદેશમાંથી મુંબઈ રવાના કરેલા રૂ. ૧ કરોડ ૬૦ લાખ, ૬૮૧૨ની કિમતના એલ્યુમીનીયમનો જથ્થો ભરેલા બે ટ્રકને મહારાષ્ટ્રમાં પહોચાડવાને બદલે અમદાવાદ લાવી બારોબાર વેચી મારવાના ગુન્હામાં ઉત્તરપ્રદેશના પોલીસ મથકમાં ૧૧ શખ્શો સામે ગુન્હો નોંધાયો હતો. જેમાં બે આરોપીઓ સૌરાષ્ટ્રના, મોરબી જીલ્લાના વાંકાનેર શહેરના હોવાનું બહાર આવતા યુપીની પોલીસના પીઆઈ શ્રીરામ યાદવ અને હેડ કોન્સ્ટેબલ સંજય વર્મા રાજકોટ આવ્યા હતા અને ભક્તિનગર પોલીસને સમગ્ર બનાવથી વાકેફ કરીને મદદ માગી હતી. આ સમયે ભક્તિનગર પોલીસના પીઆઈ એમ.એમ. સરવૈયા, પીએસઆઈ જે.જે.ગોહિલ, સ્ટાફના પો.કો. નિખીલભાઈ અને રાજદીપસિંહ સહિતની ટીમે યુપી પોલીસની સરાહનીય મદદ કરી વાંકાનેર પહોંચ્યા હતા. પણ બંને આરોપી નહિ મળતા બંનેના ઘરે યુપીની પોલીસે કોર્ટમાં હાજર થવાનું અને હાજર ન થાય તો આરોપીની મિલકત જપ્ત કરવાનું જાહેરનામું ચિપકાવી દેવાયું છે. આ બાબતે વધુ વિગતો આપતા પીઆઈ શ્રીરામસિંહ યાદવ અને હેડ કોન્સ્ટેબલ સંજય વર્માએ ''રાજકોટ મિરર''ને જણાવ્યું હતું કે, હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ રાણુકુટમાંથી ૧,૬૦,૬૮,૮૧૨ રૂપિયાની કિંમતનો ૬૨ મેટ્રિક ટન એલ્યુમિનિયમ જથ્થો ભરીને મહારાષ્ટ્રના દલવી જઈ રહેલા આરોપીઓ બે ટ્રક વચ્ચેથી ગાયબ કરીને અમદાવાદ લઈ ગયા હતા અને અમદાવાદમાં કોઈને વેચી દીધા હતા.

ઉત્તરપ્રદેશની પોલીસની તપાસ દરમિયાન આ કૌભાંડમાં ૧૧ શખ્સોની સંડોવણી બહાર આવતા અમદાવાદ તેમજ યુપી વિસ્તારના નવ જેટલા આરોપીની અગાઉ ધરપકડ કરી લીધી છે. જ્યારે સૌરાષ્ટ્રના બે આરોપીઓ હજુ પોલીસ પકડથી દુર છે. જેમાં મોરબી જીલ્લાના ટ્રક માલિક મોહમ્મદ ઈમરાનભાઈ કાઝીના પુત્ર આયુમ (રહે. ભાટિયા સોસાયટી, વાંકાનેર) તેમજ ટ્રક ડ્રાઈવર લાલાભાઈ ઉર્ફે ભૂષણભાઈ લખદીરનો પુત્ર પ્રવિણ (રહે. જીનપરા ભાટિયા, વાંકાનેર)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઉત્તરપ્રદેશના સોનભદ્રના પીપરી પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૪૨/૨૦૨૪ કલમ ૪૦૭/૪૧૧/૪૧૯/૪૨૦/૪૬૭/૪૬૮/૪૭૧/૩૪/૧૨૦બી મુજબ નોંધાયેલ ગુન્હામાં વાંકાનેરના ઉપરોક્ત બંને શખ્શોની શોધખોળ માટે ઉત્તર પ્રદેશ પોલીસ રાજકોટ આવતા ભક્તિનગર પોલીસ દ્વારા તેમને મદદ કરાઈ હતી. વાંકાનેર તપાસના અંતે બંને આરોપીઓ ન મળતા સીજેએમ કોર્ટે બંનેની વિરુદ્ધ હાજર થવા જાહેરનામું બહાર પાડ્યું છે અને જો આરોપીઓ હાજર નહિ થાય તો તેમની મિલકત જપ્ત કરવામાં આવશે તેવી તાકીદ કરતી નોટીસ/જાહેરનામું બંનેના ઘર પર ચિપકાવી દેવાઈ હોવાનું પીઆઈ યાદવે જણાવ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ કૌભાંડમાં સંડોવાયેલા બે શખ્સોનો ભાઈ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં રહેતો હોવાથી બન્ને આરોપીઓ રાજકોટમાં હોવાની આશંકાએ ઉત્તર પ્રદેશની પોલીસ અહિં આવી હતી. પરંતુ ભક્તિનગર પોલીસના સહકાર વચ્ચે તપાસ કરતાં બન્ને આરોપીઓ વાંકાનેર શહેરમાં રહેતા હોવાનું બહાર આવ્યું હતું.

### સગીરાઓ-દિકરીઓને લેભાગુઓ ફસાવી રહ્યાની ઘટનાઓ વચ્ચે રાજકોટમાં સામે આવી ચકચારી ઘટના

# ભુવાની જાળમાં ફસાયેલી નર્સિંગની છાત્રાનું ભેદી મોત

**ભગવતીપરાની નર્સિંગનો અભ્યાસ કરતી યુવતિ માતાજીના માંડવા વખતે એક વર્ષ પહેલા મવડીના કેતન ભુવાના સંપર્કમાં આવ્યા બાદ ભુવાની જાળમા આવીને તેના ભેગી રહેવા જતી રહી હતીઃ ઝેર પી લેતાં મોતઃ પિતા-બહેને કહ્યું-અમારી દિકરીએ ઝેર પીધુ નથી, પીવડાવી દેવાયું છેઃ પોલીસે શરૂ કરી તપાસ**

રાજકોટઃ સગીરાઓ, યુવતિઓને ફસાવી તેમના જીવતર બરબાદ કરી નાખવાની ઘટનાઓ રોજબરોજ સામે આવતી હોય છે. આવો એક બનાવ રાજકોટ શહેરમાં બન્યો છે. જેમાં પોતાને ભુવા તરીકે ઓળખાવતા મવડી સ્મશાન પાસે રહેતાં શખ્સે ભગવતીપરાની યુવતિને ફસાવી લીધી હતી. આ યુવતિનું ભેદી સંજોગોમાં મોત થતાં પિતા-બહેન સહિતે તેણીને ભુવાએ ઝેર આપી મોતને ઘાટ ઉતારી દીધાનો આક્ષેપ કરતાં ચકચાર મચી ગઇ હતી. પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું અને તપાસ આરંભી હતી.





ચોંકાવનારી વિગતો પર નજર કરીએ તો ભગવતીપરામાં રહેતી યુવતિ એકાદ વર્ષથી મવડી ગામમાં ગેલ પાનવાળી શેરીમાં રહેતાં અને પોતાને ભુવાજી તરીકે ઓળખાવતા કેતન સાગઠીયા સાથે રહેતી હોઇ હોળીની સાંજે તેણીએ કેતનના ઘરે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. ગત રાતે તેણીનું મોત નિપજતાં ભગવતીપરામાં રહેતાં પિતા ધીરજભાઇ ધનજીભાઇ સોલંકી સહિતે પોતાની દિકરીએ જાતે દવા નથી પીધી પણ પીવડાવીને હત્યા કરવામાં આવી છે તેવો આક્ષેપ કરતાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. બીજી તરફ મૃતકની બહેને કહ્યું હતું કે ભુવાએ મારી બહેનને ફસાવી હતી. તેણે મારી બહેનને તારા પિતા ગુજરી જશે, તેને જીવતા રાખવા હોય તો વિધી કરાવવી પડશે તેમ કહી ફસાવી હતી. હવે મારી બહેનને લાશ અમને મળી છે.

આ ઘટનાની વધુ માહિતી જોઈએ તો ૨૬ વર્ષની કોમલબેન કેતનભાઇ સાગઠીયા નામની યુવતિએ હોળીના દિવસે સાંજે છએક વાગ્યે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ સોમવારે રાત્રે તેણીનું મોત થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ચંદ્રસિંહ, ધર્મેન્દ્રભાઇ, તૌફિકભાઇ, ભાવેશભાઇએ તાલુકા પોલીસને જાણ કરતાં એએસઆઇ ગૌતમભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. જો કે કોમલબેનના પિતા ધીરજલાલ સાગઠીયાએ આક્ષેપો સાથે જણાવ્યું હતું કે મારી દિકરી કોમલબેનને દોઢેક વર્ષ પહેલા કેતન ભુવાજીએ ફસાવી હતી અને તેને ભગાડી ગયો હતો. તેણી લગ્ન વગર જ કેતન સાથે રહેતી હતી. મારી દિકરીને કંઇક કરી મુક્યું હોવાની શંકા છે. તે જાતે દવા પીવે તેવી નહોતી, તેણીને દવા પીવડાવી દીધાની અમને શંકા છે.

મૃતક દિકરીના પિતા ધીરજભાઇ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે બે વર્ષ પહેલા માતાજીનો માંડવો હતો તેમાં કેતન ભુવાજી તરીકે આવ્યો હતો. એ પછી મારી દિકરી સાથે ઓળખાણ કેળવી હતી અને તેને ફસાવી હતી. તે લગ્ન વગર જ મારી દિકરીને રાખતો હતો. કોમલબેન એક ભાઇ અને ત્રણ બહેનમાં મોટી હતી અને જ્યારે તેણીને ભગાડી તે વખતે તે નર્સિંગનો અભ્યાસ કરતી હતી. પિતા ધીરજલાલ સાગઠીયા આરએમસીમાં સોલીડ વેસ્ટ વિભાગમાં ફરજ બજાવે છે. તેણે આક્ષેપ કર્યો હતો કે કેતને અગાઉ પણ એક છોકરીને ફસાવી હતી અને આ કારણે ગુનો નોંધાતા જેલમાં પણ ગયો હતો. મારી દિકરીને દાખલ કરી ત્યારથી તે હોસ્પિટલમાં ભેગો જ હતો, ગત રાતે દિકરીનું મૃત્યુ થયા બાદ તે નીકળી ગયો હોઇ અમને વધુ શંકા ઉપજી છે. તેમ વધુમાં ધીરજલાલે જણાવ્યું હતું.



**મૃતકની બહેનનો વલોપાત-ભુવાએ કહેલુ'તારા પિતા ગુજરી જશે, વિધી કરવી પડશે, ડરીને મારી બહેન ત્યાં દાણા જોવડાવવા ગઇ અને જાળમાં ફસાઇ ગઇઃ અગાઉ પણ તેણીએ આપઘાતનો પ્રયાસ કર્યો હતોઃ આ વખતે અમને તેની લાશ મળી'**

આ ઘટના વિશે મિડીયા સમક્ષ મૃતક કોમલબેનની કુટુંબી બહેને જણાવ્યું હતું કે એકાદ વર્ષ પહેલા મારી બહેનને આ કેતન ભુવાએ ફસાવી હતી. તેણે કહેલું કે તારા પિતા ગુજરી જશે, તેની વિધી કરવી પડશે. આથી મારી બહેન તેની પાસે દાણા જોવડાવવા ગઇ હતી અને ફસાઇ ગઇ હતી. એ પછી અમારા ઘરેથી જતી રહી હતી અને ભુવાના ઘરે રહેવા માંડી હતી. ત્યાં ૧મેના રોજ તેણે ઝેરી દવા પીધી હતી અને કેતન ભુવાનો ત્રાસ હોવાનું તેમજ પૈસા ખાઇ ગયાનો આક્ષેપ તે વખતે ચિઠ્ઠીમાં કર્યો હતો. અમે તેને પરત અમારી ઘરે લાવ્યા બાદ તે ફરીથી ૯મેના રોજ જતી રહી હતી.

તેણીએ આગળ કહ્યું હતું કે ત્યારબાદ ત્રણ મહિના પછી પોતાને ખુબ ત્રાસ હોવાની જાણ અમને કરી હતી. અમે તેને ફરી તેડવા ગયા હતાં પણ તેને ભુવાએ આવવા દીધી નહોતી. મારી બહેનના શરીર પર ચાંભા છે, મારકુટ થયાના નિશાન લાગે છે. ભુવાએ અગાઉ પણ બે લગ્ન કર્યા છે. અમારી દિકરીની જેમ બીજી દિકરી ન ફસાય તે માટે આકરી કાર્યવાહી કરવા અમારી માંગણી છે. તાલુકા પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ શહેરભરમાં ચકચાર જગાવી દીધી છે. વિજ્ઞાન જાથા અવાર-નવાર કહેવાતા પાખંડી ભુવાભારાડી, કહેવાતી ભુઈમાના પર્દાફાશ કરતી રહે છે. ત્યાં હવે આ બનાવમાં ભુવાને કારણે એક પરિવારે તેની લાડકવાયી આશાસ્પદ દિકરી ગુમાવી દીધી છે. પોલીસે ભુવાની શોધખોળ શરૂ કરી છે.

# ગૃહ વિભાગના આદેશ બાદ આરોપીઓની યાદી તૈયાર

**ત્રણ વર્ષમાં કરેલા ગુન્હાઓને ધ્યાને લઈ તૈયાર કરાયું લિસ્ટ : એકથી વધુ ગુના હોય અને આરોપી જામીન પર હોય તો તેના જામીન રદ કરવા હુકમ**

## ગેરકાયદે દબાણ ઉપર ફરી વળશે બુલડોઝર : બેનામી મિલકત થશે ફ્રીઝ

રાજકોટ તા. ૧૮

સમગ્ર રાજ્યમાં હાલ જે રીતે ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે અને જે રીતે કાયદા વ્યવસ્થાના અનેક વિકટ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ રાજ્યના પોલીસ વડા દ્વારા આદેશ કરવામાં આવ્યો અને ૧૦૦ કલાકમાં એક યાદી તૈયાર કરવા માટે એક આદેશ કરવામાં આવ્યો જેમાં વિવિધ વિસ્તારોમાં વસવાટ કરતા અસામાજિક તત્વો તથા ખૂંખાર અને હિસ્ટ્રી સિટરોના ગુનાહિત સહિતની માહિતી તૈયાર કરવા નું જણાવ્યું છે ત્યારે શહેર અને જિલ્લાના વિવિધ પોલીસ મથકો દ્વારા આ પ્રકારના આરોપીઓની યાદી તૈયાર કરી નાખવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે એટલું જ નહીં આગામી નજીકના સમયમાં આ યાદી જાહેર પણ કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં ૧ થી વધુ ગુના આચરવામાં આવ્યા હોય તે ગુનેગાર નું નામ લિસ્ટમાં રાખવામાં આવ્યું છે જેમાં વિવિધ પ્રકારના ગુના જેવા કે હત્યા, હત્યાનો પ્રયાસ, મિલકત સંબંધી ગુનાઓ સહિત અન્ય અનેક ગુનાઓ માં જે કોઈ આરોપીઓની સંડોવણી ખુલી હોય તેની પણ યાદી તૈયાર કરાઈ છે.

બીજી તરફ ગેરકાયદે જે બાંધકામ હોય તેને પણ તોડી પાડવા માટેના આદેશો કરવામાં આવ્યા છે સાથોસાથ બેંક વિગત પણ તપાસવામાં આવશે અને જેમાં અપ્રમાણ સર બેંક મૂડી સામે આવશે તો તેને ફ્રીઝ કરાશે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક, પાસા સહિતની કલમ હેઠળ કાર્યવાહી કરી જેલમાં ધકેલવામાં આવશે અથવા તો કોઈ આરોપી જામીન પર હોય અને તેના વિરોધ વધુ પડતા ગુના હોય તો તે આરોપીના તમામ જામીનને પણ રદ કરવાની કાર્યવાહી કરવા માટે રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. ત્યારે શહેરમાં અને જિલ્લામાં લોકોની સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તે માટે હવે પોલીસ દ્વારા નક્કર પગલાઓ લેવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. મળતી માહિતી મુજબ આવારા તત્વો કે જેઓ જાહેર સ્થળોએ ભય ફેલાવતા હોય અથવા તો લુખ્ખાગીરી કરતા હોય તો તે અંગેની માહિતી આપવા માટે ક્રાઈમ બ્રાન્ચે whatsapp નંબર પણ જાહેર કર્યો છે જેમાં પોલીસ માહિતી આપનારની ઓળખ ગુપ્ત રાખશે. જે નંબર આપવામાં આવ્યો છે તે વ્હોટસએપ મો. નં.6359629896 આ છે.

શહેરની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગેંગે માહિતી આપવામાં આવી છે કે હાલ રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન સામાજિક તત્વો વિરુદ્ધ ખાસ ઝુંબેશ હાથ દરસે અને તે મુજબની જ કામગીરી કરવામાં આવશે જેથી ભવિષ્યમાં કોઈ પણ લોકોને હેરાનગતિનો સામનો ન કરવો પડે બીજી તરફ લોકોને પણ પોલીસ વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે કે તેઓ આગળ આવી આ પ્રકારના જે આ વાળા તત્વો છે તેના વિરુદ્ધ માહિતી આપે.

વધુમાં તેઓએ જણાવ્યું કે આ અંગે પોલીસ ગોપનીયતાનું ચુસ્ત પાલન કરશે એટલું જ નહીં હાલ આ પ્રકારના તત્વો સમક્ષ યોગ્ય કાર્યવાહી કરવા માટે પણ હાલ એક વિશેષ તખતો તૈયાર કરવામાં આવ્યો છે કારણ કે છેલ્લા દિવસોમાં જે રીતે ઘટનાઓ ઘટી અને શહેર અને જિલ્લામાં જે શાંતિ અંગે ઘણા પ્રશ્નો ઊભા થયા તેને નિવારવા માટે હાલ સુરક્ષા વિભાગ દરેક સંભવત પ્રયત્નો હાથ ધરશે.

હેલ્પલાઇન નંબર

**63596 29896**

**ક્રાઈમ બ્રાન્ચને જાણ કરો**

વોટ્સએપ નંબર પર ફોટો વીડિયો સહિતની માહિતી આપી શકાશે

**વાપીથી ટ્રાવેલ્સ બસ મારફત જથ્થો રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડીએ ઉતારાયોઃ ત્યાંથી કેરી વાહનમાં ભરીને રવાના થાય એ પહેલા PCBએ પકડી લીધો**

# ગજબની કારીગીરી

# ઈલેક્ટ્રીક પેનલમાં છુપાવ્યો ૪ લાખનો દારૂ!

**દારૂ ભરેલા વાહનનો ચાલક ફરારઃ સપ્લાયર-બુટલેગરનો નુસ્ખો જોઇ સૌ કોઇ ચક્કર ખાઇ ગયુંઃ મોકલનાર, મંગાવનારની શોધખોળ**

રાજકોટઃ દારૂની હેરાફેરી કરવા અને ગમે તેમ કરીને શહેરમાં દારૂનો જથ્થો ઘુસાડવા મથતાં સપ્લાયરો બુટલેગરો બૂટલેગરો નીતનવા નુસ્ખા અજમાવી દારૂની હેરાફેરી કરતાં હોય છે. કોઇને કલ્પના પણ ન આવે એવા એક નુસ્ખાનો શહેર પીસીબીની ટીમે પર્દાફાશ કરી ચાર લાખ આસપાસનો વિદેશી દારૂ ઝડપી લીધો છે. વાપીથી ટ્રાવેલ્સ બસ મારફત ગ્રીનલેન્ડ ચોકડી સુધી ઈલેક્ટ્રીક પેનલ બોક્સની અંદર છુપાવીને બેટરીના નામનું બીલ બનાવી જથ્થો મોકલાયો હતો. આ જથ્થો ચોકડીએથી બીજા એક કેરી વાહનમાં ભરીને રવાના થતો હતો ત્યાં જ પીસીબીની ટીમે ત્રાટકી જથ્થો અને વાહન પકડી લીધા હતાં. ચાલક ભાગી ગયો હતો. કુલ સાત લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે થયો હતો.

જાણવા મળ્યા મુજબ વાપીથી તિર્થ ટ્રાવેલ્સની બસ મારફત ઈલેક્ટ્રીક પેનલ બોક્સમાં છુપાવીને રાજકોટ મોકલાયેલો દારૂનો રૂપિયા ૩,૯૭,૨૪૬નો ૨૪૭૨ બોટલ, ચપલાનો જથ્થો પીસીબીની ટીમે પકડી લીધો હતો. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે વાલજીભાઇ જાડા અને કિરતસિંહ ઝાલાની બાતમી પરથી ગ્રીનલેન્ડ ચોકડીથી યાર્ડ તરફના રસ્તે મોમાઇ ટી સ્ટોલ પહેલા સર્વિસ રોડ પર વોચ રખાઇ હતી. આ દરમિયાન મારૂતિ કંપનીનું સુપરકેરી વાહન જીજે૦૨એટી-૩૯૧૯ મુકી એક શખ્સ ભાગી ગયો હતો. આ વાહનમાંથી રૂા. ૩,૯૭,૨૪૬નો દારૂ મળી આવ્યો હતો. જેમાં ૭૫૦ એમએલની ૮૪ બોટલો તેમજ બાકીના ૧૮૦ એમએલના ચપલા હતાં. કબ્જે થયેલા દારૂના જથ્થામાં બ્લેન્ડર્સની ૮૨૨૩૬ની બોટલો, એઈટ પીએમના ૯૫ હજારના ૯૫૦ ચપલા, મેજીક મુમેન્ટ વોડકાની ૪૭૮ બોટલો, મેજીક મુમેન્ટના ૧૮૦ એમએલના ૪૮૦ ચપલા, સ્ટર્લિંગ રિઝર્વના ૧૮૦ એમએલના ૪૮૦ ચપલા, લોખંડની ઈલેક્ટ્રીક પેનલના બોક્સ-૧૪, કેરી વાહન ૩ લાખનું મળી કુલ રૂા. ૭,૧૧,૨૪૬નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. પોલીસને પ્રાથમિક તપાસ કરતાં એવી વિગતો સાંપડી હતી કે આ દારૂનો જથ્થો વાપીથી તિર્થ ટ્રાવેલ્સની બસમાં આવ્યો હતો. ગ્રીનલેન્ડ ચોકડીએથી તેને કેરીવાહનમાં ભરવામાં આવ્યો હતો. એ પછી જથ્થો આગળ જાય કટીંગ થાય એ પહેલા પોલીસે જપ્ત કરી લીધો હતો. જો કે ચાલક હાથમાં આવ્યો ન હોઇ વિશેષ તપાસ થઇ રહી છે.







આ તદ્દન નવતર નુસ્ખાનો પર્દાફાશ કરી દારૂનો જથ્થો ઝડપી લેવાની કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અંતર્ગત પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ એમ. જે. હુણ, એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ, હરદેવસિંહ, કિરતસિંહ, કરણભાઇ, ઘનશ્યામસિંહ, વિરેન્દ્રસિંહ, હરદેવસિંહ, કુલદિપસિંહ, રાહુલગીરી, ગીરીરાજસિંહ, યુવરાજસિંહ, વિજયભાઇ, દેવરાજભાઇ, વાલજીભાઇ, નગીનભાઇ, હિરેનભાઇએ આ કામગીરી કરી હતી. આરોપી ઝડપાયા બાદ વિશેષ વિગતો બહાર આવશે. મોકલનારા અને મંગાવનારા કોણ? તેની તપાસ થઇ રહી છે. કેરી વાહનના નંબરને આધારે આગળ તપાસ થશે.

# આંબરડી પાસેથી ગાંજાના જથ્થા સાથે બે પકડાયા ૮૦ હજારનો મુદ્દામાલ જપ્તઃ એસઓજી નો દરોડો



રાજકોટ મિરર, ગોંડલ તા ૧૮

ગોંડલ તાલુકાના આંબરડી પાસે એસઓજી ટીમે ગાંજાના જથ્થા સાથે બે આરોપી ને જડપી લઇ રુ. ૮૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી બ્રાંચના પીઆઇ એફ.એ.પારગી તેમની ટીમ સાથે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન હેડ. કોન્સ. પ્રહલાદસિંહ રાઠોડ, અરવિંદભાઇ દાફડા, વિરરાજભાઈ ધાધલને ખાનગી રાહે બાતમી મળેલ કે, આરોપી નરેશ લાલા ઠાકોર (રહે.મોરીદડ ગામ) જીજે-૨૪- એએસ -૪૯૪૯ નંબરના બાઇકમાં ગાંજાનો જથ્થો લઇ મોરીદડ ગામથી આંબરડી ગામ જવા નીકળેલ છે અને તેના માસા આરોપી અજુ ભુદર માવરીયા (રહે. જેતપુર) આંબરડી ગામથી મોરીદડ ગામ જવાના કાચા રસ્તે ઉભેલ છે તેને ગાંજો પહોંચાડવાનો છે.

એસઓજી એ આરોપી અજુ જ્યાં ઉભો હતો ત્યાં વોચ ગોઠવી હતી. ત્યાં નરેશ અજુને ગાંજાની ડિલિવરી આપતો હતો તે સમયે એસઓજીએ બંનેને દબોચી લીધા હતા. આરોપીઓના કબ્જામાંથી રૂ.૧૫,૨૦૦ના ૧.૫૨૦ કિલોગ્રામ ગાંજો મળ્યો હતો. પોલીસે બાઈક મળી રૂ. ૮૦,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલ આરોપી નરેશ લાલા ઠાકોર (ઉ.વ.૨૬, મુળ સુબાપુર જી.પાટણ હાલ રહે, મોરીદડ ગામની સીમમાં ભુપતભાઈ મકવાણાની વાડીમાં તથા અજુ ભુદર માવરીયા-ઠાકોર ઉ.વ-૬૫, (મુળ વાઘપુરા જી.પાટણ હાલ રહે.જેતપુર જુનાગઢ બાયપાસ રોડ, કાળુભાઈ પાંભરની વાડીના મકાનમાં )ની ધરપકડ કરી ગોંડલ તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કર્યો હતો.

આરોપી નરેશ કોની પાસેથી ગાંજો લાવ્યો હતો તેની તપાસ હાથ ધરાઈ છે. આ કામગીરી એસઓજી પીઆઇ એફ. એ. પારગી, એએસઆઈ સંજયભાઈ નીરંજની, અતુલભાઇ ડાભી, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, વિજયભાઈ વેગડ, મયુરભાઈ વિરડા, અરવિંદભાઈ દાફડા, વિરરાજભાઈ ધાધલ, શિવરાજભાઈ ખાચર, કોન્સ્ટેબલ વિજયગીરી ગૌસ્વામી, ચીરાગભાઈ કોઠીવાર, રઘુભાઇ ઘેડ, વિપુલભાઈ ગોહીલ, એ.એસ.આઇ અમુભાઇ વિરડા દ્વારા કરવામાં આવી હતી.

# વીરા ગ્રુપ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિતે ૭ હજાર ચકલીઘરનું કરાશે વિતરણ

## સંગ્રામસિંહ હાઈસ્કૂલ ખાતે કરાશે વિતરણ : વિવિધ પ્રકારના ચકલી ઘરનુ પ્રદર્શન પણ ગોઠવાશે




રાજકોટ મિરર, ગોંડલ તા.૧૮

વીરા ગ્રુપ દ્વારા તા.૧૯ બુધવાર નાં વિશ્વ ચકલી દિવસ નિમિતે સંગ્રામજી હાઇસ્કૂલ ગોંડલ ખાતે સાત હજાર લાકડાનાં ચકલી ઘર નું ફ્રી વિતરણ તથા વિવિધ પ્રકાર નાં ચકલી ઘરનાં પ્રદર્શન નું આયોજન સાંજે ચાર કલાક થી સાડાસાત કલાક દરમિયાન કરાયુ છે. વીરા ગ્રુપ છેલ્લા સાત વર્ષથી પક્ષી બચાવો અભિયાન ચલાવી રહ્યું છે.

વીરા ગ્રુપ દ્વારા અત્યાર સુધીમાં ૪૭૦૦૦ થી વધારે પક્ષી ઘર નુ ફ્રી વિતરણ કરી ચૂક્યા છે. વીરા ગ્રુપ દ્વારા દર વર્ષે વિશ્વ ચકલી દિવસ ની ઉજવણી ધામ ધૂમથી કરવામાં આવે છે આવખતે પણ ગોંડલ માં પક્ષીઓ માટે ખાસ કાર્યક્રમ કરવામાં આવ્યોછે.

પક્ષીઘર મોહત્સવ માં ગોંડલ અને આજુ બાજુમાં ગામના આગેવાનો તથા ગ્રામ જનો ઉપસ્થિત રહેનાર છે. વીરા ગ્રુપ ના દિવ્યેશ કાછડીયા મનોજ ભાદાણી, ભાવેશ બોરડ, શૈલેષ ગોંડલિયા, મુકેશ બોઘાણી, જૈમિન કાછડીયા, રવિ ભાદાણી, તુલસી રૈયાણી, રોહિત ગોંડલિયા, ઋષિકેશ ગોંડલિયા, કેવિન ભાદાણી, હર્ષદ રાઠોડ દ્વારા પક્ષી બચાવો અભિયાન ચાલી રહ્યું છે.

# રાજ્યના પોલીસ વડાના આદેશ બાદ ગોંડલ પોલીસ હરકતમા : ગેરકાયદેસર વીજજોડાણ કાપી કાર્યવાહી

## ભગવતપરા, ફલવાડી તથા નાની મોટી બજારમાં રહેતા આવારા તત્વોના ગેરકાયદેસર નળ જોડાણ કપાયા

રાજકોટ મિરર, ગોંડલ તા. ૧૮

૧૦૦ કલાકના અલ્ટીમેટમ બાદ ગોંડલ સિટી એ ડિવિઝન પોલીસ એક્શનમાં : ગેરકાયદેસર વીજ જોડાણ કાપી કરી કાર્યવાહી :

ગુજરાત પોલીસ વડાના ૧૦૦ કલાકના અલ્ટીમેટમ અનુસંધાને રાજ્યભરની પોલીસ ગેરકાયદેસર બાંધકામ, વીજ કનેક્શન, બેન્કના નાણાકીય વ્યવહાર સહિતની વિગતોની તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ગોંડલ સીટી એ ડિવિઝન પોલીસ પણ એક્શનમાં આવી છે અને પીજીવીસીએલના કર્મચારીઓને સાથે રાખી ગેરકાયદેસર વીજ જોડાણ કાપી નાખવાની કામગીરી હાથ ધરી હતી.

ગોંડલ સીટી એ ડીવીઝન પોલીસ દ્વારા પીજીવીસીએલ ટિમને સાથે રાખી કામગીરી કરવામાં આવી હતી. ગોંડલ સીટી વિસ્તારના ભગવતપરા, ફૂલવાડી તથા નાની મોટી બજારમાં રહેતા આવારા તત્વોના ગેરકાયદેસર વીજ જોડાણને કાપી નાખવામાં આવ્યા હતા. આશરે પાંચ લાખ રૂપિયા જેટલો દંડ ફટકારવામાં આવેલ અને જાહેરનામા ભંગના કેસ પણ નોંધવામાં આવ્યા હતા. એ ડિવિઝન પોલીસે ૨૨ આવરા તત્વોની યાદી તૈયાર કરી.

પોલીસે ગોંડલ ફૂલવાડી પાર્કમાં રહેતા રમજાન ઉર્ફે હુસૈન ઉર્ફે ભોપલો રજાકભાઈ ગોરી, ગુંદાળા દરવાજા પાસે રહેતા હુસેન દિલાવર ભાઈ મકરાણી અને ભગવતપરામાં રહેતા ઈમરાન ઉર્ફે ઈમલો ઉર્ફ ઈમ્તિયાઝ કરીમભાઈ કટારીયાના ઘરે બિન કાયદેસર વીજ જોડાણ કાપ્યું હતું અને રોમા ટોકીઝ પાસે રહેતા સિકંદર ઉર્ફે સલીમ શેખા પર જાહેર નામાનો ભંગનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

# ગોંડલના વોરા કોટડા રોડ પર દારૂ દરોડો : ૫.૪૨ લાખની દારૂની ૧૩૩૬ બોટલ પકડાઈ

## બુટલેગર નાસી ગયો : બી ડીવીઝન પોલીસ દ્વારા શોધખોળ



ગોંડલ તા.

ગોંડલ નાં વોરા કોટડા રોડ પર આવેલા રહેણાંક મકાન પર બી'ડીવીઝન પોલીસે દરોડો પાડી વિદેશી દારુનો જથ્થો જડપી લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ બપોર નાં સુમારે બી'ડીવીઝન પોલીસ તથા પીજીવીસીએલ સ્ટાફ વોરાકોટડા રોડ પર બીનકાયદેસર વિજ કનેક્શન અંગે ચેકીંગ માં હતો ત્યારે ચિસ્તિયા મસ્જિદ સામે રહેણાંક મકાન માં વિજ કનેક્શન ગેરકાયદેસર હોય ચેકીંગ કરતા મકાન માંથી વિદેશી દારુની અલગ અલગ બ્રાન્ડ ની ૧૩૩૬ બોટલો કિંમત રુ.૫૪૨૬૩૨ જડપાઇ જવા પામી હતી.પોલીસે વિદેશી દારુ નો જથ્થો મકાન માં રાખનાર ઇરફાન ઉર્ફ ઇકુ હસન કટારીયાની શોધખોળ કરતા તે મકાન માંથી મળી નહી આવતા તેની સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરીછે.દરમ્યાન પીજીવીસીએલ દ્વારા પણ ગેરકાયદેસર વિજ જોડાણ અંગે દંડ ની કાર્યવાહી હાથ ધરાઇ છે.

# કમઢીયામાં યુવાનની હત્યામાં મૃતકનો સગીર સાળો ઝડપાયો

## બહેનને ભગાડી ગયાનો ખાર રાખી પતાવી દીધાની સગીરની કબૂલાત



રાજકોટ મિરર, ગોંડલ તા.૧૮

બે દિવસ પહેલા કમઢીયામાં પરપ્રાંતિય યુવાનની હત્યાનો ભેદ પોલીસે ખોલી મૃતકનાં સગીરવયનાં સાળાને ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ કમઢીયાથી દેરડી(કુંભાજી) ગામ તરફ જતા માર્ગે ખીમાભાઈ જાસોલીયાની વાડીમાં મુળ એમપીના અલીરાજપુર જીલ્લાનાં જોબટના અને હાલ ખેતમજુરી કરતા બનસીંગ બાબુલાલ અજનાર ઉ.૩૦ ની કોઇ અજાણ્યા શખ્સોએ માથા પર બેરહેમી પુર્વક પત્થરોનાં ઘા મારી હત્યા કરી હતી. હત્યા બાદ તેની લાશને વાડીમાં ખોદેલા મકાનનાં પાયામાં ફેંકી દિધી હતી.

રોડનાં કાંઠે આવેલી વાડીમાં કાંકરીનાં ઢગલા પાસેથી ગોદડુ, લોહીનાં ડાઘ વાળા પત્થરો અને જીજે ૨૦ એપી ૪૧૯૮ નંબરનું બાઇક મળી આવતા પોલીસે કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

દરમિયાન સુલતાનપુર પોલીસ સ્ટેશનના પીઆઇ રાઠોડ, એલસીબી પીઆઇ ઓડેદરા અને સ્ટાફે તપાસનાં ચક્રોગતિમાન કરી મૃતક બનસીંગના સગીરવયનાં સાળાને ઝડપી લઇ પુછપરછ હાથ ધરતા સગીરે હત્યા કર્યાની કબુલાત આપી હતી.

સગીરનાં મામા બતનીયા નજરુ ડાયરની પુત્રી રેલુ સાથે સગીરને એક વર્ષથી પ્રેમ સંબંધ હોય હોળી પહેલા તેને ભગાડી ગયો હતો. દરમ્યાન બનસીંગ રેલુનાં પિતા સાથે જઈ રેલુને પરત લાવી બીજે લગ્ન કરી નાખ્યા હોય આ વાતનો ખાર રાખી સગીર મોડીરાતે બાઇક લઇ વાડીએ આવી બનસીંગ સુતો હતો ત્યારે તેના માથા પર પત્થરો મારી હત્યા કરી હતી.

# ગૌ આધારિત ઉદ્યોગો સ્થાનિક અર્થતંત્ર માટે આવકના સ્ત્રોત સમાન

## રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો.વલ્લભભાઈ કથીરિયાની અધ્યક્ષતમા ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝની શરૂઆત



રાજકોટ મિરર, તા.૧૮

ભારતનું ગ્રામિણ જીવન ગાય સાથે ગાઢ રીતે જોડાયેલું છે. ગાય માત્ર ધાર્મિક શ્રદ્ધાનું કેન્દ્રબિંદુ નથી, પણ ભારતના કૃષિ આધારિત અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ સ્તંભરૂપ છે. પ્રાચીન સમયથી જ ગૌ આધારિત ઉત્પાદનો જેવા કે દુધ, ઘી, દહીં, ગોબર, ગોમૂત્ર અને પંચગવ્યનો ઉપયોગ ખેતી, આરોગ્ય અને આધ્યાત્મિક જીવન માટે થાય છે. આજના સમયમાં પણ, જ્યારે કૃત્રિમ અને રાસાયણિક ઉત્પાદનોથી તંદુરસ્તી અને પર્યાવરણ માટે જોખમ ઉભું થયું છે, ત્યારે ગૌ આધારિત ઉદ્યોગો ફરીથી કેન્દ્રમાં આવ્યા છે.

ગ્રામિણ ભારતમાં ગૌ આધારિત ઉદ્યોગો સ્થાનિક અર્થતંત્ર માટે આવકનું મહત્વનું સ્ત્રોત બની રહ્યા છે. નાના ગૌશાળા સંચાલકો, દુધ ઉત્પાદકો, અને પંચગવ્ય ઉત્પાદકો રોજગાર અને આત્મનિર્ભર જીવનશૈલી તરફ આગળ વધી રહ્યા છે. મહિલાઓ અને યુવાનો માટે ગૌ આધારિત પ્રવૃત્તિઓ રોજગાર પૂરો પાડે છે, જેમા દુધ પ્રોસેસિંગ, દહી-ઘી ઉત્પાદન, કાઉડંગ ( ગોબર ) માંથી ગોબર પેઈન્ટ, પ્લાસ્ટર, કલર, બ્રીક્સ,પ્લાયવુડ, ટાઇલ્સ, પેપર અને સ્મશાન માટેના લાકડાંની અવેજીમાં ગોબર લાકડી માટે વિશાળ માર્કેટ ઉપલબ્ધ થઈ રહ્યું છે. ગોબર, ગૌમૂત્રમાંથી બાયોફ્યુલ જેવા કે, બાયોગેસ, સી.એન.જી, ઈધર,હાઈડ્રોજન ઉત્પાદન કરી ફેક્ટરીઓને સપ્લાય થઈ રહ્યા છે.

આ ઉદ્યોગોનો વિકાસ હવે માત્ર સ્થાનિક બજાર પૂરતો મર્યાદિત નથી રહ્યો. આજે ઓર્ગેનિક કૃષિ, પંચગવ્ય આધારિત આયુર્વેદિક દવાઓ, કુદરતી કોસ્મેટિક્સ, ગૌઘૃત આધારિત ફૂડ પ્રોડક્ટ્સ વગેરે માટે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશાળ માંગ ઉભી થઈ છે. ખાસ કરીને આરોગ્યસંપન્ન જીવનશૈલી અપનાવતી પાશ્ચાત્ય સંસ્કૃતિઓમાં ભારતીય ગૌ ઉત્પાદનો પ્રત્યે વધતી સમજણ અને જાગરૂકતા છે.

સરકાર અને વિવિધ સંસ્થાઓ દ્વારા ગૌ ઉદ્યોગોને ટેકો આપવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સરકાર અને વિવિધ સંસ્થાઓ ગૌ આધારિત ઉદ્યોગોને ટેકનિકલ તાલીમ, મૂડી સહાય અને માર્કેટિંગ સપોર્ટ પૂરો પાડી રહી છે. સહકારી મંડળીઓ અને ખજખઊ ક્ષેત્ર પણ ગૌ ઉત્પાદન પ્રોસેસિંગ અને નિકાસમાં જોડાઈ રહ્યું છે.

ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગૌ આધારિત ઉદ્યોગોને ઓનલાઇન પ્લેટફોર્મ, ઈ-કોમર્સ અને બ્રાન્ડિંગની દિશામાં આગળ ધપાવવામાં આવી રહ્યા છે. ઘણા સ્ટાર્ટઅપ્સ તથા યુવા ઉદ્યોગપતિઓ હવે ગૌ આધારિત હેલ્થ અને ઓર્ગેનિક પ્રોડક્ટસને વૈશ્વિક સ્તરે લોન્ચ કરી રહ્યા છે, જે 'મેક ઇન ઇન્ડિયા' અને 'વોકલ ફોર લોકલ' અભિયાનને પણ વધુ બળ આપે છે.

આ રીતે, ગૌ આધારિત ઉદ્યોગો ગ્રામથી ગ્લોબલ સુધી પોતાની ઓળખ બનાવી રહ્યાં છે. આ ઉદ્યોગો માત્ર આર્થિક વિકાસ પૂરતા મર્યાદિત નથી, પણ પર્યાવરણ, સ્વાસ્થ્ય, આત્મનિર્ભરતા અને સંસ્કૃતિનું સંરક્ષણ પણ સુનિશ્ચિત કરે છે. ભારતની પરંપરા અને નવીનતાનો સંગમ ગૌ આધારિત ઉદ્યોગો મારફતે સમગ્ર વિશ્વમાં ભારતીય મૂલ્યો અને સમૃદ્ધિનો વિસ્તાર કરી રહ્યા છે.

આ દિશામાં યુવાઓને માર્ગદર્શન આપવા રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો.વલ્લભભાઈ કથીરિયાની અધ્યક્ષતમા ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (ઋઈઈં)ની શરૂઆત કરવામાં આવી છે. જે વૈશ્વિક સ્તરે ગૌ આધારિત ઉદ્યોગોનો વિકાસ અને પ્રોત્સાહન આપતી અગ્રણી સંસ્થા છે. ઋઈઈંનો મુખ્ય ઉદ્દેશ ગૌ આધારિત ઉત્પાદનોથી આત્મનિર્ભર ભારત તરફ આગળ વધવાનો છે. ગૌશાળાઓના સંચાલનથી લઈને ગૌ આધારિત ઉદ્યોગો સુધી, અને કુદરતી ખેતીથી લઈ પંચગવ્ય ઉત્પાદન સુધી, ઋઈઈં ગૌપ્રેન્યોરશિપના તમામ ક્ષેત્રોમાં માર્ગદર્શન, તાલીમ અને તકનીકી સપોર્ટ પૂરો પાડે છે. યુવાનો, મહિલાઓ અને ગૌપ્રેમીઓ માટે વિવિધ સેમિનાર, વર્કશોપ, તાલીમ કાર્યક્રમો અને નેટવર્કિંગ પ્લેટફોર્મ દ્વારા ઋઈઈં તેમને સ્થાનિકથી વૈશ્વિક બજારમાં સફળતાપૂર્વક ઊભા થવા માટે માર્ગદર્શન કરે છે.

વધુ માહિતી માટે ઋઈઈં જનરલ સેક્રેટરી મિત્તલભાઈ ખેતાણી, તેજસ ચોટલિયા મો. ૯૪૨૬૯ ૧૮૯૦૦, અને મીનાક્ષી શર્મા - મો. ૮૩૭૩૯ ૦૯૨૯૫ પર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# વેલનાથ પરામાં જુગાર દરોડો : ૪ ઝડપાયા

## રૂ.૩૧, ૩૦૦નો મુદ્દામાલ કબજે કરતી પી.સી.બી.

રાજકોટ મિરર તા.૧૮

શહેરમાં પીસીબી પોલીસે બાતમીના આધારે જુગાર દરોડો પાડતા ચાર શખ્સોને ઝડપી પાડી રૂપિયા ૩૧,૩૦૦નો મુદ્દામાલ મુદ્દલ કબજે કરી કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં પીસીબી પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન મોરબી રોડ વેલનાથ પરા પાસે પહોંચતા બાતમી મળી હતી કે મોરબી રોડ વેલનાથ પરા પિતૃ કૃપા માર્બલની બાજુમાં ખુલ્લા પટમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી પાડ્યા હતા.

જેમા ચુનારવાડ ચોક કુબલીયાપરા શેરી નંબર ૫ માં રહેતો દિપક જેસીંગભાઇ સોલંકી, મોરબી રોડ વેલનાથ પરા શેરી નંબર ૨૦માં રહેતો ઉમેશ ધનજીભાઈ વિંઝુવાડીયા, નાની ફાટકની બાજુમાં સીતારામ સોસાયટી શેરી નંબર એકમાં રહેતો જીતેન્દ્ર પ્રતાપભાઈ પોરડીયા, મોરબી રોડ વેલનાથ પરા શેરી નંબર ૧૮ માં રહેતો કલ્પેશ જાદવજીભાઈ ઝીંઝુવાડીયા ને રૂ.૩૧, ૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી બી ડિવિઝન પોલીસ સ્ટેશન માં ગુન્હો નોંધી ધોરણ સર કાર્યવાહી કરી હતી.

# નંબર પ્લેટ વગરના ૬૩ વાહનો ડીટેઈન કરતી ટ્રાફિક શાખા



રાજકોટ મિરર તા.૧૮

શહેરમાં ટ્રાફિક સખા દ્વારા નંબર પ્લેટ વગરની વાહનોને પકડવા ડ્રાઇવ યોજાઇ જેમાં ૬૩ વાહનો ડિટેઇન કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પૂજા યાદવના આદેશ અને માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરમાં વાહનમાં નંબર પ્લેટ નહીં રાખનાર વાહન ચાલક દ્વારા ગુનાહિત પ્રવૃત્તિ કરવામાં આવતી હોય છે. જેથી શહેરમાં નંબર પ્લેટ વગરના વાહનો ડિટેઇન કરી તેમની સામે કાયદેસર કાર્યવાહી કરી રાજકોટ શહેર ટ્રાફિક પોલીસને કાયદેસરની કાર્યવાહી કરવા આદેશો કરવામાં આવ્યા હતા. જે સુચના માર્ગદર્શન હેઠળ પી.આઈ. દ્વારા શહેરમાં વાહનોમાં નંબર પ્લેટ નહીં રાખનાર વાહન ચાલકો વિરુધ્ધ ખાસ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રાફિક શાખાના પી.એસ.આઇ દ્વારા જુદી જુદી જગ્યાએ ડ્રાઇવ દરમિયાન ૬૩ વાહનો ડીટેઇન કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી.

# ભાડા કરારના જાહેરનામાનો ભંગ કરતા ૪ ઝડપાયા



રાજકોટ મિરર, ખીરસરા રણમલ તા.૧૮

રાજકોટ જિલ્લાના મેટોડા જીઆઈડીસી પોલીસે ભાડા કરાર નહીં કરી જાહેરનામાનો ભંગ કરતા ચાર શખ્શોને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરીહતી.

રાજ્યના ડી.જી.પી. વિકાસ સહાયએ વિડિયો કોન્ફરન્સ દ્વારા સૂચના આપી છે કે, ૧૦૦ કલાકમાં પોલીસ મથક વિસ્તારના અસામાજિક પ્રવુત્તિ કરનારની યાદી તૈયાર કરી આ તમામ લોકો વિરુધ્ધ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવા આદેશો આપ્યા હતા. જે અનુસંધાને રાજકોટ રેંજના પોલીસમાં મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક હીમકરએ આવા અસામાજિક તત્વો ભાડે મકાન રાખી આશરો મેળવી જાહેર જનતાની સલામતી અને શાંતિનો ભંગ કરી માનવ જિંદગી જોખમાય, જાન-માલ અને રાષ્ટ્રીય સંપતિને નુકસાન થાય. તેવી કૃત્યો કરતા હોય અને ભાડા નોટિફિકેશનનો પાલન કરતાં ન હોય તેવા અસામાજિક તત્વો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાના આદેશો આપ્યા હતા. તે અનુસંધાને ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ મેટોડા જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશનના પી.આઇ એચ.એચ. શર્માના આદેશ હેઠળ પી.એસ.આઈ. એન.બી.ઝાલા અને પોલીસ સ્ટાફના માણસો પોલીસ મથક વિસ્તારમાં રહેતા અસામાજિક તત્વો કે ભાડુઆત નોટિફિકેશનનું પાલન કરતાં ન હોય તેવા ચાર શખ્સોને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી હતી. જેમાં લોધીકા તાલુકાના ખીરસરા નવા પ્લોટ માં રહેતો ઉમેશ ઉર્ફે અટ્ઠો હરિભાઈ સોની, લોધીકા તાલુકાના મેટોડા ગામ બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતો રાહુલ ઉર્ફે ડોગી રાજેશભાઈ યાદવ, મેટોડા જી.આઇ.ડી.સી. ચંદ્રપાર્ક સોસાયટીમાં રહેતો ભાગ્યપાલસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, લોધીકા તાલુકાના મેટોડા જી.આઇ.ડી.સી અંધેરી મચ્છોનગરમાં રહેતો નિતીન રમેશભાઈ સાગઠીયાને ઝડપી પડ્યા હતા.

આ કામગીરીમાં મેટોડા જી.આઇ.ડી.સી પોલીસના પી.આઈ એચ.એચ.શર્મા, પી.એસ.આઇ એન. બી.ઝાલા, એ.એસ.આઇ સુરભી બેન, હેડ.કોન્સ. યોગીરાજસિંહ, હરેશભાઈ, અજયભાઈ, કોન્સ. રવુભાઈ, પ્રવીણભાઈ, સુરેશભાઈ નાઓ રોકાયા હતા.